
૧૯૨
૯

# ગિજુભાઈ

1600097



બાલગોવિંદ પ્રકાશન



# બાળકોના ગિજુભાઈ


લેખક :

**સોમાભાઈ ભાવસાર**


ગિજુભાઈને માટે લખનાર હું કોણ ?
એનું કામ ઊગી નીકળશે.
ગાંધીજી


**બાલગોવિન્દ કુબેરદાસની કંપની**

**ગાંધી માર્ગ, પુલ ઉપર, અમદાવાદ-૧**

પ્રકાશક :
વ્રજલાલ ત્રિભોવનદાસ પરીખ
બાલગોવિન્દ પ્રકાશન
ખજૂરીની પોળ, કાળુપુર, અમદાવાદ.

આવૃત્તિ પહેલી
૧૯૬૩

*

© Somabhai Bhavsar

*

કિંમત : એક રૂપિયો

મુદ્રક :
અંબાલાલ હીરાલાલ પટેલ
એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ
દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ

# બાળકોના સાચા મિત્ર

ભાઈ સોમાભાઈ ભાવસાર ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં ભણ્યા, પણ એ સ્વભાવે બાળકોના દોસ્ત હતા. એટલે તેમણે દીક્ષા લીધી બાળકોના સૌથી મોટા દોસ્ત ગિજુભાઈ પાસે. ગિજુભાઈ પાસેથી એમણે પ્રેરણા લીધી અને ગિજુભાઈના બાલશિક્ષણના કાર્યને એમણે પોતાનું કાર્ય બનાવ્યું.

પહેલાં એ આપણા દેશમાં જ બાલમંદિર ચલાવતા હતા. પછી પહોંચ્યા આફ્રિકા બાલમંદિર ચલાવવા. ત્યાં બાલમંદિર ચલાવીને બેસી ન રહ્યા પણ ગિજુભાઈની માફક બાલશિક્ષણના ફેલાવા માટે ત્યાંના મિત્રોના સહકારથી એમણે એક બાલશિક્ષણ સંઘ સ્થાપ્યો, જેનાં મીઠાં ફળ આજેય સૌ ચાખે છે અને આ સંઘ દ્વારા આફ્રિકામાં બાલશિક્ષણનું સારું કાર્ય થઈ રહ્યું છે.

આવા બાલમિત્ર સોમાભાઈએ આ નાની પુસ્તિકામાં ગુરુ ગિજુભાઈનું ચિત્ર રજૂ કરીને એમના પ્રત્યેનું એમનું ઋણ અદા કર્યું છે, પણ આપણી તો એમણે સેવા જ કરી છે. એ દ્વારા એમણે બાળકોને એમના સાચા મિત્ર ગિજુભાઈનો પરિચય કરાવ્યો છે. બાલશિક્ષણના પ્રેમીને એમનું સ્મરણ તાજું કરાવીને એ કાર્યમાં વધુ વેગવાન બનવાની પ્રેરણા આપી છે, અને માબાપોના દિલમાં બાળકોની સાચી વકીલાત કરનાર બાળકોના ગિજુભાઈ વિષે પ્રેમ ને આદર વધાર્યાં છે.

આપણે એને આવકારીએ છીએ.

બબલભાઈ મહેતા

# બાળકોના ગિજુભાઈ

જેઓ કાર્ય કરીને મરી જાય છે તેઓ કદી મરી જતા નથી. હા, શરીરથી તેઓ મૃત્યુ પામે છે, પણ કાર્યથી તેઓ અમર રહે છે. ગિજુભાઈ એ રીતે અમર જ છે.

## ☆ અનુક્રમણિકા ☆


| | | |
|---|---|---|
| ૧. | બાલમંદિરનો પૂજારી .... .... .... | ૧ |
| ૨. | ગિજુભાઈ ક્યાંના ? .... .... .... | ૪ |
| ૩. | રખડુ ટોળી–૧ .... .... .... | ૬ |
| ૪. | રખડુ ટોળી–૨ .... .... .... | ૯ |
| ૫. | ગિજુભાઈનું વિદ્યાર્થીજીવન .... .... | ૧૩ |
| ૬. | ગિજુભાઈ આફ્રિકામાં .... .... .... | ૧૬ |
| ૭. | ગિજુભાઈ બાળકોના વકીલ બને છે .... | ૧૯ |
| ૮. | ગિજુભાઈ ને તારાબહેન .... .... | ૨૪ |
| ૯. | ગિજુભાઈ ને જુગતરામ .... .... | ૨૮ |
| ૧૦. | ગિજુભાઈ ને કાકાસાહેબ .... .... | ૩૩ |
| ૧૧. | ગિજુભાઈ ને ગાંધીજી .... .... | ૩૬ |
| ૧૨. | ગિજુભાઈ સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝુકાવે છે .... | ૪૦ |
| ૧૩. | ગિજુભાઈનાં વિવિધ કાર્યો .... .... | ૪૪ |
| ૧૪. | બાળકોના ગિજુભાઈ .... .... .... | ૪૮ |
| ૧૫. | ગિજુભાઈનું જાહેર સન્માન .... .... | ૫૧ |
| ૧૬. | ગિજુભાઈનું છેલ્લું કાર્ય અને છેલ્લી સહી .... | ૫૫ |
| ૧૭. | અમર રહો ગિજુભાઈ ! .... .... | ૫૮ |

[૧]

# બાલમંદિરનો પૂજારી

ભાવનગરમાં એક પરું છે. પરાનું નામ છે તખતેશ્વર. એમાં બે ટેકરીઓ છે. એક ટેકરી ઊંચી છે, બીજી ટેકરી નીચી છે. બંને ટેકરી પર બે મંદિરો છે. એક પર મહાદેવનું મંદિર છે. બીજી પર બાળકોનું મંદિર છે. મહાદેવના મંદિરમાં શિવજી બિરાજે છે. બાળકોના મંદિરમાં બાળકો બિરાજે છે.

સવાર–સાંજ થાય છે ને મહાદેવનું મંદિર ઘંટના ઘંટા-રવથી ગાજી ઊઠે છે. ધૂપદીપ થાય છે અને લોકો મહાદેવના દર્શને આવે છે. ધીરી ધીરી હવા વાય છે, આછો આછો ધૂપનો મઘમઘાટ પ્રસરે છે અને શાંત વાતાવરણમાં ઘંટનો સતત ઘંટારવ થાય છે ત્યારે લોકો મસ્ત બનીને ભક્તિમાં તલ્લીન થઈ જાય છે.

બાળકોના મંદિરની વાત ન્યારી છે. અગિયાર વાગે ને ત્યાં બાળકોની પગલીઓ પડે છે. નીચે ઊભા ઊભા આપણે

જોઈએ તો શું દેખાય ? છોડ ઉપર મધરસિયા ભમરાઓ જેમ દોડાદોડી કરતા ગુંજતા હોય તેમ ટેકરી ઉપર દોડાદોડી કરતાં બાળકો કિલ્લોલતાં માલૂમ પડે !

કોઈ હીંચકે હીંચતું હોય. કોઈ લપસણિયે લપસતું હોય. કોઈ ડબલબાર પર રમતું હોય. કોઈ આમતેમ ફરતાં હોય, તો કોઈ છોડ પર ઊડતાં પતંગિયાં પકડવામાં ગુલતાન બની ગયાં હોય !

બાર બજે ને ટાળી પડે. સૌ બાળકો ટેકરી પરથી એક ઓરડામાં જાય. ગમે તેમ નહિ પણ હારબંધ! જેવા તેવા હાથે-પગે કે મોઢે નહિ; પણ હાથપગ ધોયેલા, મોં સાફ કરેલાં; અને વાળ ઓળેલા હોય !

ફૂલદાનીઓ ગોઠવાઈ હોય. અગરબત્તીઓ સળગી હોય. ધૂપ થયો હોય. એવા એક મોટા ઓરડામાં સર્વે બાળકો ભેગાં મળે. કોઈ આડાઅવળી ન હોય પણ હારબંધ બેઠાં હોય ! કોઈ નીચાં નમીને કે નીચાં વળીને બેઠાં ન હોય પણ સૌ ટટ્ટાર બેઠાં હોય! ફરફર પવન આવતો હોય અને અગરબત્તી અને ધૂપના મઘમઘાટથી ઓરડો ફોરી ઊઠતો હોય! એ મઘમઘાટમાં સંગીત શરૂ થાય. ગીતો ગવાવા માંડે ને બાળકો ઝીલવા માંડે. ફેરફૂદરડીનું ગીત આવતાં બાળકો ફેર-ફૂદરડી ફરવા માંડે. એક બિલાડીનું ગીત આવતાં બાળકો અભિનય કરવા માંડે. દમડીનું ગીત ગવાતાં બાળકો તાનમાં

ચડે. આમ એક પછી એક ગીતો ગવાતાં જાય અને બાળકો હિલોળે ચડતાં જાય. દિલરૂબા વાગતો હોય. તબલાં તાલ દેતાં હોય. ઢોલક સૂર પુરાવતું હોય. મંજીરાં રણકો દેતાં હોય. શી મજા આવે !

દિલરૂબા બજાવનારો દિલરૂબામાં ગુલતાન હોય, તબલાં વગાડનારો તબલાંમાં ગુલતાન હોય, ઢોલક વગાડનારો ઢોલકમાં ગુલતાન હોય, મંજીરાં વગાડનાર મંજીરામાં ગુલતાન હોય, ગીત ગાનાર ગાવામાં ગુલતાન હોય ! અને સાંભળનાર બાળકો, મોરલી વાગતાં જેમ સાપ ડોલે તેમ સંગીત સાંભળતાં ડોલતાં હોય અને ગુલતાન બની ગયાં હોય. સૌ ગુલતાન હોય ! બાળકો ઘેલાં ઘેલાં થઈ જાય અને નાચી ઊઠે. એની સાથે એનો પૂજારીય નાચી ઊઠે. એ દૃશ્ય જોવા જેવું થઈ જાય.

આવી બાળકોના મંદિરની વાત છે. મહાદેવના મંદિરનો પૂજારી કોણ છે તેની ખબર નથી પણ બાલમંદિરના પૂજારીને તો સૌ કોઈ ઓળખે છે. એમનું નામ ગિજુભાઈ. એ ગિજુભાઈ આજે નથી પણ બાલમંદિર તો આજેય ચાલે છે. તમે ભાવનગર જાઓ તો જરૂર એ બાલમંદિર જોવા જજો. સાથે સાથે મહાદેવના મંદિરે પણ દર્શન કરવા જજો.

[ ૨ ]

# ગિજુભાઈ ક્યાંના ?

ગિજુભાઈને બધા ઘણી વખત પૂછે: "ગિજુભાઈ, તમે ક્યાંના ?"

ગિજુભાઈ કાંઈ જવાબ ના આપે. માત્ર મંદ મંદ હસે.

કોઈ તેમને પૂછે: "ગિજુભાઈ, કહો તો ખરા, તમે વળાના ?"

ગિજુભાઈ ઉત્તર આપે: "ના."

"ત્યારે તમે ભાવનગરના ?"

ગિજુભાઈ કહેશે: "ના."

"ત્યારે તમે કાઠિયાવાડને વતન માનો છો ખરું ?"

ગિજુભાઈ બોલે: "ના."

"ત્યારે તમે ગુજરાતી તરીકે ગુજરાતને વતન ગણતા હશો એમ ને ?"

ગિજુભાઈ બોલે: "ના."

"ત્યારે તમે ક્યાંના એ તો અમને કહો !"

ગિજુભાઈ બોલે: "જુઓ, તમારે જાણવું છે: હું ક્યાંનો

છું? તો સાંભળો. હું વળાનો નથી. હું ભાવનગરનો નથી. હું કાઠિયાવાડનો નથી અને હું ગુજરાતનોય નથી. પણ હું તો જ્યારે જ્યાં હોઉં ત્યારે ત્યાંનો છું. સબ ભૂમિ ગોપાલની!

નાનપણમાં હું વળામાં હતો ત્યારે હું વળાનો હતો એમ માનતો હતો. પછી ભાવનગર આવ્યો ત્યારે ભાવનગરનો હતો એમ માનતો હતો. પછી આફ્રિકા ગયો ત્યારે આફ્રિકાનો હતો એમ લાગતું હતું. પછી વઢવાણ ગયો ત્યારે વઢવાણનો હતો એમ લાગતું હતું. આમ ક્યારેય મને હું અમુક સ્થળનો જ છું એમ લાગ્યું નથી, પરંતુ જ્યારે જ્યાં હોઉં ત્યારે ત્યાંનો લાગ્યું છે.

મુસાફરને વળી દેશ કેવો? હું તો મુસાફર છું. આજે અમદાવાદમાં છું. કાલે મુંબઈમાં હોઉં. ત્રીજે દી ભાવનગરમાં હોઉં તો ચોથે દી રાજકોટમાં હોઉં. એમ મુસાફર તો ભમતો ભમે! એને વળી વતન હોય?"

ગિજુભાઈની વતન વિષેની ભાવના આવી હતી. પરંતુ ગિજુભાઈનું વતન તો વળા જ કહેવાય; કારણ કે ગિજુભાઈના બાપદાદા વળામાં રહેતા હતા અને તેમનું જન્મસ્થાન પણ વળા હતું. ગિજુભાઈ બ્રાહ્મણ હતા. તેમનું ખરું નામ તો ગિરજાશંકર, તેમના પિતાનું નામ ભગવાનજી અને તેમની અટક બધેકા.

[ ૩ ]

# રખડુ ટોળી—૧

નાનપણથી ગિજુભાઈને ફરવાનો ભારે શોખ. ઘરમાં ગોંધાઈ રહેવું તેમને ગમે જ નહિ ને! આથી ફળિયાના બેચાર મિત્રોએ મળી એક મંડળી સ્થાપી. એનું નામ રખડુ ટોળી રાખ્યું. કિશોર ગિજુભાઈ એ ટોળીના સરદાર બન્યા.

વળાથી થોડે દૂર પીલુડીનું એક ઝુંડ હતું. લોકો એ જગાને 'મામાની જાળ્ય'ને નામે ઓળખતા. લોકવાયકા એવી હતી કે ત્યાં મામાનું ભૂત રહે છે ને ધૂણે છે અને જે કોઈ એ મામાની જાળ્ય જોવા જાય છે તેની પણ એવી દશા કરે છે.

ભૂતબૂતની વાતમાં ગિજુભાઈ માનતા નહોતા. એટલે એક દિવસ એ રખડુ ટોળીની સાથે મામાની જાળ્ય જોવા ઊપડ્યા. સૌના હાથમાં લાકડીઓ હતી. સૌ લાકડીઓ વીંઝતા જતા હતા અને બોલતા હતા: "ભૂતબૂત હોય તો આવી જાય! પણ એમ ભૂત ક્યાંથી ભમતું હોય કે તેમની સામે આવે!"

દેખાવ જોવા જેવો હતો. રખડુ ટોળીના સરદાર ગિજુભાઈ સૌની આગળ ચાલતા હતા અને સૌ સિપાઈઓ તેમની પાછળ ચાલતા હતા. સૂરજ તેમને માથે તપતો હતો પણ તેની કોઈને પડી નહોતી! તેઓ તો ધોમધખતા તાપમાં કોઈ

મહાન વિજય કરવા આગે બઢયે જતા હતા. છેવટે દૂરથી મામાની જાળ્ય દેખાઈ.

“આ પેલી મામાની જાળ્ય.” દૂર દૂર પીલુડીના ઝુંડ જેવું બતાવતાં ગિજાભાઈ બોલ્યા. સૌ એ તરફ જોઈ રહ્યા. ધોમ ધખ્યો’તો ને બંપોર થયા હતાં. કાણું ચકલુંય ફરકતું નહોતું. ત્યાં વગડામાં આટલે દૂર પીલુડીના ઝુંડમાં કોણ દેખા દે ?

વગડો સૂમસામ હતો. સર્વત્ર શાંતિ હતી. ઝાડનું પાદડુંય હાલતું નહોતું. એવા શાંત વાતાવરણમાં એકલ વગડામાં રખડુ ટોળી ધીમે ધીમે આગળ ધપી રહી હતી. જેમ જેમ તેઓ આગળ જતા હતા તેમ તેમ તેમના મનનાં ‘મામાની જાળ્ય’ વિષેની કુતૂહલતા વધતી જતી હતી. એમ કરતાં તેઓ ‘મામાની જાળ્ય’ નજીક આવી પહોંચ્યા.

ગિજુભાઈ બોલ્યા : “જુઓ, છે કાંઈ ભૂતપૂત ? જાળ્ય સાવ ખાલી છે ને ? લોકોય કેવાં ગપ્પાં હલવે છે ? ચાલો હવે પીલુડી પર ચડીને પીલુડાં ખાઈએ.”

પણ એવામાં વાયરો વાયો અને જાળ્ય જરા હાલી ઊઠી ! એની સાથે રખડુ ટોળીનાં દિલ પણ હાલી ઊઠયાં ! તેમનો જીવ અંદરથી ફડફડ થવા લાગ્યો. તેમનામાંથી એક જણે તો ‘ઓ બાપરે !’ કહીને ચીસ નાખી પડતું મૂકયું. બીજો

આંખો બંધ કરી બેસી ગયો. ત્રીજો ભયથી આકુળવ્યાકુળ થઈ ગયો.

ગિજુભાઈ વિચારવા લાગ્યા કે એકાએક આ શું થઈ ગયું. કેમ બધા બીવા લાગ્યા ! ભૂતબૂત તો કાંઈ છે નહિ અને કેમ સૌ આમ કરે છે ! એ તો હિંમતભેર આગળ ગયા અને બોલ્યા : "ભાઈઓ, આવો, આવો. જુઓ, અહીં તો કશુંય નથી. તમે નાહકના ગભરાઓ છો."

એવામાં પવન પણ બંધ થઈ ગયો અને પાછું બધું હતું તેમ થઈ ગયું. રખડુ ટોળીનાં દિલ શાંત બન્યાં ને જીવમાં જીવ આવ્યો. પછી તો સૌએ પીલુડીઓ ઉપર ચડી લહેરથી પીલુડાં ખાધાં. એમાં એમને એટલો બધો આનંદ પડ્યો કે સાંજ ક્યારે પડી તેની ખબર પડી નહિ.

એક જણ બોલ્યો : "ભાઈઓ, ચાલો, ચાલો. સાંજ પડી ગઈ; ઘરે જઈએ. ઘરે તો ગોતંગોતા થતી હશે !"

વાત પણ સાચી હતી. ઘરે ત્યારે ખોળંખોળા થઈ રહી હતી, ત્યાં તો સૌએ બધાને આવતા જોયા એટલે પૂછ્યું : "ક્યાં ગયા હતા ?"

સૌ બોલ્યા : "મામાની જાળ્ય જોવા." પણ કોણ એમનું સાચું માને ? મામાની જાળ્યે જવાની કોઈ દી કોઈ હિંમત

કરતું નથી તો આ છોકરડાં ત્યાં ક્યાંથી જાય? "ના માનતાં હો તો લો આ મામાની જાળ્યનાં પીલુડાં." બોલી રખડુ ટોળીએ સૌ મોટેરાના હાથમાં પીલુડાં મૂક્યાં. એ પીલુડાં મોટેરાંએ ખાધાં કે નહિ તેની ખબર પડી નહિ, પરંતુ રખડુ ટોળીએ તો પેટ ભરીને ખાધાં હતાં!

[૪]

# રખડુ ટોળી – ૨

નવરાત્રિના દિવસો આવ્યા. રખડુ ટોળીએ સાંભળ્યું કે આ દિવસોમાં ચોસઠ જોગણી ને બાવન વીર આવે છે. સ્મશાનમાં આ દિવસોમાં સાધકો મંત્રજંત્રની સાધના કરે છે. રખડુ ટોળીને થયું. ચાલો જોઈએ તો ખરા કે જોગણીઓ કેવીક હોય છે અને તેઓ શી રીતે સાધના કરે છે.

આ માટે માબાપની રજા તો મળી શકે તેમ નહોતી એટલે એક દિવસ રખડુ ટોળી ગરબી જોવાને બહાને ઘરમાંથી નીકળી ને સ્મશાનને રસ્તે પડી. તેઓ વિચારતા હતા કે રસ્તે ચોસઠ જોગણીઓ ગરબે ગાતી જોવા મળશે અને બાવન વીર ગરબી ગાતા હશે. પણ સ્મશાન સુધી આવી પહોંચ્યા તોય એવાં કાંઈ દર્શન થયાં નહિ.

છેવટે રખડુ ટોળી સ્મશાનની અંદર પહોંચી. આ વખતે બરાબર અંધારું થઈ ગયું હતું. સ્મશાનમાં બધાં ઝાડ કાળાં ધબ ને બિહામણાં લાગતાં હતાં. જ્યાં ત્યાં હાડકાં પડયાં હતાં અને તે ઠેબે ચઢતાં હતાં. રખડુ ટોળી આસપાસ નજર નાખતી આગળ જતી હતી એવામાં એક શિયાળવું એમની પાસે થઈને પસાર થયું. એક જણ કહે : "અલ્યા, શું ગયું ?" બીજો બોલ્યો : "કોણ જાણે કાંઈક ગયું ખરું." ત્રીજો કહે : "સૌ સાવધાન રહેજો હો"

ત્યાં કાંઈક ખખડાટ જેવું થયું અને સૌ ચોંકયા. ઊભા રહીને ખખડાટ કયાં થાય છે તે જોવા લાગ્યા. તેઓ ઊભા હતા તેની સાવ પાસે જ ખખડાટ થતો હતો. કશુંક કાળા કાળા ધાબા જેવું આમતેમ ઊંચુંનીચું થતું હતું અને ધબધબ અવાજ થતો હતો. રખડુ ટોળી માંહેના એક જણે દીવાસળી ને મીણબત્તી કાઢીને સળગાવવાનો પ્રયત્ન કર્યો પણ બીકમાં ને બીકમાં તે સળગાવી શકયો નહિ. ખખડાટ વધતો જતો હતો.

ગિજુભાઈ કહે: "ચાલો, પાસે જઈને જોઈએ તો ખરા કે શું છે?" પણ કોણ પાસે જાય? સૌ ધ્રૂજતા હતા. સૌને બીક લાગી હતી. સૌને એમ થતું હતું કે ભૂતબૂત લપાઈને બેઠું હોય તો! પણ ગિજુભાઈ એમ હિંમત હારી જાય તેમ નહોતા. તેમણે તો પાસે જઈને કાળા ધાબા ઉપર એવી જોરથી લાકડી લગાવી કે ખખડાટ થતો બંધ થઈ ગયો. પછી

ગિજુભાઈએ દીવાસળી સળગાવીને જોયું તો એ ઘોરખોદિયું નીકળ્યું. ગિજુભાઈએ સૌને પાસે બોલાવી કહ્યું, "ભાઈઓ, જુઓ આ તો ઘોરખોદિયું છે. કોઈ હમણાં આવીને બાળક દાટી ગયું હશે તે ખોદીને કાઢતું હશે." એટલામાં પેલી પસાર થયેલી શિયાળ પણ ત્યાં થઈને નીકળી એટલે ગિજુભાઈએ તે પણ બધાને બતાવી. સૌના મનમાંથી બીક નીકળી ગઈ ને હિંમત આવી ગઈ! સૌએ ખોંખારા ખાધા અને હતા તેવા બહાદુર બની ગયા!

એવામાં દૂર દૂર આંબલીની નીચે એક દીવો બળતો દેખાયો. સૌએ વિચાર કર્યો કે અધરાતે ત્યાં શા માટે દીવો બળતો હશે? ચાલો જઈને જોઈએ. સૌ એ તરફ ગયા. થોડે દૂર રહીને એમણે જોયું તો કોઈ મહારાજ આંખો મીંચી બેઠા હતા અને મંત્ર જપતા હતા. થોડી થોડી વારે તેઓ અગ્નિમાં ઘી હોમતા હતા અને બાકળા નાખતા હતા. તેમની આજુ-બાજુ અખંડ દીવાઓ બળતા હતા અને દરેક દીવામાં સાત સાત વાટો બળતી હતી.

રખડુ ટોળીમાંથી કોઈકે કહ્યું: "જોજો હવે થોડી વારમાં ભૂત દેખા દેશે અને કહેશે, માગ, માગ, માગું તે આપું." આ સાંભળીને એક જણે સૂચવ્યું: "ચાલો, આપણે ઝાડ ઉપર ચડીને શું બને છે તે જોઈએ."

ગિજુભાઈ કહે : "અરે ભાઈઓ, ચાલો ને આપણે જ લો ભૂત બનીને મહારાજની ગમ્મત કરીએ. જોઈએ તો ખરા કે મહારાજ કેવા હિંમતબાજ છે."

સૌ કપડાં કાઢી રાખોડી ચોળીને ભૂતડાં બન્યા ને ખાઉં ખાઉં કરતા મહારાજની ઉપર ધસ્યા. ભૂતડાંની આવી બૂમો સાંભળતાં જ મહારાજ તો 'મર્યો બાપ રે' કહેતાકને નાઠા. બિચારા બીકમાં ને બીકમાં સાથે લાવ્યા હતા તે લઈ જવાનુંય ભૂલી ગયા. એક તલવાર, એક લોટો અને એક બકરું. બકરાને કાઢી મૂક્યું ને તલવાર-લોટો ઝાડ નીચે દાટી દીધાં. પછી ભૂતને ખવડાવવા આણેલાં મહારાજનાં ખીર ને પૂડલા રખડુ ટોળીએ ખાધાં. મળસકું થવા આવ્યું હતું એટલે માબાપ જાણી ન જાય તેથી બધા પોત-પોતાને ઘેર જઈને ગુપચુપ સૂઈ ગયા.

બીજે દિવસે ગામમાં વાત ફેલાઈ કે રેવાશંકર મહારાજ ભૂતડાં વળગ્યાથી અવાક બની ગયા છે. ગામના બધા મહારાજની પાસે જઈને પૂછે છે કે શું થયું ? પણ મહારાજ નથી બોલતા કે નથી ચાલતા. અવાક થઈને ખાટલામાં પડયા છે !

રખડુ ટોળીએ વિચાર કર્યો કે મહારાજ ખરેખર ડરી ગયા છે ને જો ભેદ ખુલ્લો નહિ પાડીએ તો જરૂર તેઓ મરી જશે. આથી રખડુ ટોળીવાળા મહારાજની પાસે ગયા ને કહ્યું : "મહારાજ, ઓળખો છો અમને ? એ તો અમે ગઈ કાલ રાતવાળાં ભૂતડાં ! ન માનતા હો તો જુઓ તમારી તલવાર ને

લોટો પણ સાબિતી માટે લાવ્યા છીએ. બકરાને તો અમે તે વખતે જ કાઢી મૂકેલું."

તલવાર ને લોટો જોતાં મહારાજને ખાતરી થઈ. તેમનો શ્વાસ અધ્ધર હતો તે હવે કાંઈક ઠેકાણે આવ્યો ને દિલમાં શાંતિ વળી. પછી તેમણે રખડુ ટોળીને પૂછ્યું, "તમને કોઈ ભૂત-ભૂત વળગ્યું નહિ?"

સૌ બોલ્યા: "અમને ભૂત ક્યાંથી વળગે? અમે જ ભૂત જેવા હતા ને!"

આ બનાવ પછી આખા ગામમાં ખબર પડી ગઈ કે મહારાજને ભૂતડાં બનીને બિવડાવનાર રખડુ ટોળી જ હતી. ત્યારથી રખડુ-ટોળી ગામમાં પ્રખ્યાત બની ગઈ.

[ ૫ ]

# ગિજુભાઈનું વિદ્યાર્થીજીવન

વળામાં પ્રાથમિક શાળાનું ભણતર પૂરું કર્યા પછી ગિજુભાઈ આગળ ભણવા ભાવનગર ગયા. ભાવનગરમાં તેઓ તેમના મામાને ઘેર રહીને ભણતા હતા. તેમના મામા ભાવનગરના સ્ટેશન માસ્તર હતા. તેઓ તેમની ધાર્મિકતા અને પ્રમાણિકતાથી આખા કાઠિયાવાડમાં જાણીતા હતા. તેમનું

નામ તો હરગોવિંદભાઈ હતું, પણ સૌ તેમને 'મોટાભાઈ' તરીકે ઓળખતા હતા.

પોતાના પિતા સ્ટેશન માસ્તર એટલે ગાડી ઘરની એમ માનીને ઘણી વાર હરગોવિંદભાઈનાં છોકરાં રોકબંધ ગાડીમાં બેસીને ભાવનગરથી ખોડિયાર કે શિહોર સુધી ફરવા જાય. ગિજુભાઈ પણ સૌની સાથે ઊપડે. એક દિવસ હરગોવિંદભાઈને એની ખબર પડી. એટલે સર્વે છોકરાંને બોલાવીને કહ્યું: "જુઓ, ગાડી તમારી નથી કે જ્યારે બેસવું હોય ત્યારે બેસીને તમે ખોડિયાર કે શિહોર ફરવા ઊપડો. તમે જાણો છો ને કે ગાડીમાં બેસવા માટે ટિકિટ લેવી પડે છે? હવે જ્યારે તમારે જવું હોય ત્યારે મને કહેજો એટલે ટિકિટ લાવી દઈશ; પણ ટિકિટ વિના હવે કદી ગાડીમાં ન બેસશો." તે દિવસથી એ છોકરાં ગાડીમાં એવી રીતે ફરતાં બંધ થઈ ગયાં. ગિજુભાઈએ પણ તે દિવસથી મામાની શિખામણ ગાંઠે બાંધી.

ગિજુભાઈ ભણવામાં હોશિયાર હતા. તેઓ કદી કોઈ વર્ગમાં નાપાસ થયા નહોતા. સાધારણ રીતે તેઓ રોજનું ઘરકામ રોજ કરી લેતા. તેમ જ પરીક્ષા સમયે પણ કરવાની તૈયારી તેઓ કદી ચૂકતા નહિ. પછી નાપાસ થવાનું ક્યાંથી બને?

એક વખત પરીક્ષા સમયે ચારપાંચ છોકરાઓ એક

છોકરાને ત્યાં વાંચવા ભેગા થતા હતા. ગિજુભાઈ પણ તેમાં હતા. સૌ રાત્રે પોતપોતાનું વાચન કરતા અને જેમાં તેઓ કાચા હોય તેમાં તેઓ તૈયાર થતા. પણ જેને ઘેર સૌ ભેગા મળીને પરીક્ષાની તૈયારી કરતા હતા તે છોકરો જ કાંઈ વાંચે કરે નહિ. સૌ તેમને કહે કે ભાઈ, વાંચ તો ખરો; નહિ તો પરીક્ષા વખતે મીંડુ મુકાશે. પણ પેલો છોકરો 'કાલથી વાંચીશ' એમ કહીને વાંચે નહિ. છેવટે પરીક્ષા આવી. સૌ પરીક્ષા આપી પાસ થયા પણ પેલો નહિ વાંચનાર છોકરો નાપાસ થયો, એટલે પોકેપોક મૂકી રડવા લાગ્યો. ગિજુભાઈએ તેને કહ્યું: "ભલા ભાઈ, જ્યારે અમે તને વાંચવાનું કહેતા હતા ત્યારે તું વાંચતો નહોતો. અને હવે ન વાંચ્યું અને નાપાસ થયો ત્યારે રડે છે શાનો? હવે પરીક્ષા આવે ત્યારે બરાબર વાંચજે ને પાસ થજે."

પણ ગિજુભાઈ જેટલા ભણવામાં હોશિયાર હતા તેટલા કસરત કરવામાં બેદરકાર. તેઓ કદી ઘરે તો કસરત ન કરતા, પણ શાળામાં પણ કસરતના સમયે હાજર ન રહેતા. આથી કસરતશિક્ષકે તેમને 'ઓછા ગુણ'ની શિક્ષા કરવા માંડી, પણ ગિજુભાઈ ઉપર તેની કાંઈ અસર થઈ નહિ. ભણવામાં વધુ ગુણ મેળવીને તેઓ ઓછા ગુણની કસર પૂરી કરી લેતા.

મોટા થયા પછી ગિજુભાઈને આ બેદરકારી ખૂબ સાલી. પણ ત્યારે કાંઈ ઓછું દંડ-બેઠક કરીને શરીર સારું કરી

શકાય ? એ તક તો ગઈ તે ગઈ જ. કહ્યું છે ને કે, 'પહેલું સુખ તે જાતે નર્યા' એ પહેલું સુખ ગિજુભાઈ પોતાની બેદરકારીને કારણે ન પામી શકયા. પણ પોતે જેના ભોગ થયા તેના ભોગ બીજા ન થાય તે માટે તેઓ જ્યારે શિક્ષક થયા ત્યારે સૌ વિદ્યાર્થીઓને પોતાની વાત કરતા અને કહેતા કે "ભાઈઓ, જુઓ, હું કેવો દૂબળોપાતળો છું ? નાનપણમાં મેં કસરત પ્રત્યે બેદરકારી બતાવી તેથી હું આવો બન્યો, પણ તમે કોઈ એમ ન કરશો. તમે તો નિયમિત કસરત કરજો ને મજબૂત ને તંદુરસ્ત બનજો."

[ ૬ ]

## ગિજુભાઈ આફ્રિકામાં

મેટ્રિક પાસ થઈ ને ગિજુભાઈ ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા. પણ ઘરની સ્થિતિ સાધારણ એટલે પિતાની ઇચ્છા એવી કે ગિજુભાઈ જો કંઈ નોકરીધંધે વળગે તો સારું, જેથી ઘરમાં મદદરૂપ થાય. આથી કૉલેજની કેળવણી પડતી મૂકી ગિજુભાઈએ આફ્રિકા જવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ મોટેરાંના આશીર્વાદ મેળવી, સગાંવહાલાંની

વિદાય લઈ ગિજુભાઈ ભાવનગરથી મુંબઈ આવ્યા અને મુંબઈ બંદરેથી સ્ટીમરમાં બેસી આફ્રિકા જવા ઊપડ્યા. નાનપણથી ગિજુભાઈને મુસાફરીનો શોખ હતો એટલે દરિયાઈ મુસાફરીમાં તેમને સારી મજા પડી. છેવટે તેઓ આફ્રિકા પહોંચ્યા.

આફ્રિકામાં જુદી જુદી જગાએ નોકરી કરતાં ગિજુભાઈને જાતજાતના અનુભવો થયા. નિયમિત કામે જવું, કામ બરાબર કરવું, દરેક કામમાં કાળજી રાખવી, ઉપરી અને સાથીઓ સાથે વિવેકપૂર્વક વાતો કરી તેમનાં દિલ જીતી લેવાં વગેરે બાબતો તેઓ અનુભવે ત્યાં શીખ્યા.

પણ એક બાબત તો તેમને એવી જાણવાની મળી કે જે જીવનભર ઉપયોગી થઈ પડી. એક ગોરા વકીલની પેઢીમાં તેઓ કામ કરતા હતા. કામમાં તેઓ નવા નવા હતા એટલે વારે વારે પેલા ગોરા પાસે જઈને પૂછે કે આ શું? કેમ કરું? વગેરે વગેરે.

પેલો ગોરો દરેક વખતે કહે કે તારું ભેજું વાપર. આપણામાંય એક કહેવત છે ને કે 'માથે પડે એટલે બધુંય આવડે!' એ ન્યાયે ગિજુભાઈ ભેજું વાપરતાં શીખ્યા અને ખરેખર, જે બાબતોમાં તેઓ વારે વારે ગોરા પાસે દોડી જતા હતા તે બાબતો તેઓ જાતે કરતા થયા. આ 'ભેજું વાપર'ની શિખામણે ગિજુભાઈને એક નવો જીવનમંત્ર ભણાવ્યો

અને આ પછી જીવનની દરેક બાબતમાં તેઓ સ્વતંત્ર રીતે વિચારતા થયા.

જગતમાં આવડે એવું શું નથી? જો હજારો માઈલ દૂર દેશમાંથી આપણે અહીં આવવાનું ભેજું ચાલ્યું, તો બીજી બાબતોમાં પણ આપણું ભેજું કેમ ન ચાલે? આ વિચારે તેમનામાં એક નવો વિશ્વાસ પેદા કર્યો, અને તેઓ દરેક કામ સફળ રીતે કરતા થયા. પરિણામે તેઓ ઠીકઠીક ઘડાયા અને દુનિયાદારીના જ્ઞાનથી પરિચિત થયા.

ઘણી વાર ગિજુભાઈ વિદ્યાર્થીઓને આ વિષે વાત કરતાં કહેતા કે આપણા દેશનું મોટું દુઃખ એ છે કે આપણે કોઈ પણ બાબતમાં ભેજું વાપરતાં શીખ્યા જ નથી. આપણા વિદ્યાર્થીઓ કોઈ પણ બાબત ન આવડી તો તરત જ બીજાને પૂછે છે પણ એમ નહિ કે ચાલો પ્રયત્ન કરીએ, બુદ્ધિ કસીએ, ને પોતાની મેળે કરતાં શીખીએ. આમ નથી બનતું એટલે આપણી બુદ્ધિ કસાતી નથી. પછી ભણવામાં શું કે બીજી બાબતોમાં શું, કોઈ પણ બાબતમાં આપણે નવું કરી શકતા નથી કે નવું બનાવી શકતા નથી! ખરેખર નાનપણથી જો આપણા વિદ્યાર્થીઓ ભેજું વાપરતાં શીખે તો આપણા દેશમાં એક ગાંધીજી, એક ટાગોર, એક જગદીશચંદ્ર કે એક રામન નહિ, પણ અનેક ગાંધીજી, અનેક ટાગોર, અનેક જગદીશચંદ્ર, અનેક રામન

પાકે ! આપણી ભૂમિ તો 'બહુરત્ના વસુંધરા' છે. આપણે માત્ર એક ભેજું વાપરતાં શીખવાની જરૂર છે.

ગિજુભાઈ આફ્રિકામાં રહ્યા એ દરમિયાન તેમણે માત્ર કમાવામાં જ પોતાનો સમય નહોતો ગાળ્યો. પણ આફ્રિકાના લોકોનાં જીવન, તેમની રહેણીકરણી, તેમની રીતભાત વગેરે વિષે પણ તેઓ જોતાજાણતા. વળી આફ્રિકાની જોવા જેવી જગાઓની સફરે પણ તેઓ ઊપડતા. તેમનાં આ બધાં સંસ્મરણો તેમણે 'આફ્રિકા સાંભર્યું' તથા 'આફ્રિકાની સફરે' નામની ચોપડીઓમાં લખ્યાં છે.

આફ્રિકામાં ગિજુભાઈની તબિયત જોઈએ તેવી સારી રહી નહિ. એકબે વખત તેઓ બીમાર પણ પડયા તેથી આફ્રિકા છોડી તેઓ પાછા દેશમાં આવ્યા.

[૭]

# ગિજુભાઈ બાળકોના વકીલ બને છે

દેશમાં આવ્યા પછી ગિજુભાઈએ શું કરવું તે નક્કી નહોતું. તે વખતે દેશમાં અંગ્રેજી ડિગ્રીવાળા વકીલો ઓછા હતા. તેથી જેઓ અંગ્રેજી ન જાણતા હોય પણ આ બાબતમાં અનુભવી

હોય તેમને વકીલાત કરવાની રજા મળતી. ગિજુભાઈના પિતા પણ આવા વકીલ તરીકે કામ કરતા હતા.

આફ્રિકામાં ગિજુભાઈએ વકીલની પેઢીમાં કામકાજ કરેલું એટલે કાયદાના કામકાજનો અનુભવ થયેલો તેમ જ તેમના પિતા પણ વકીલ તરીકે કામ કરતા હતા એટલે તેમણે વકીલ થવાનું નક્કી કર્યું. મૅટ્રિક થયા પછી સીધી પરીક્ષા આપી ને હાઈકોર્ટ વકીલની પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થઈ વકીલ બન્યા અને વઢવાણમાં વકીલાત શરૂ કરી.

એક વખત બાપ-દીકરો સામસામા વકીલ તરીકે આવ્યા. કેવી નવાઈ? પણ વકીલાતમાં તો આવું ઘણી વાર બને છે. ઘણી વાર બાપ-દીકરો, ભાઈ-ભાઈ કે દિલોજાન દોસ્તો સામસામા વકીલ તરીકે હોય. પણ ત્યારે તેઓ બાપ-દીકરો કે ભાઈ કે દોસ્તીનો સંબંધ ન રાખે પણ પોતાના અસીલ વતી લડે. ગિજુભાઈએ પણ સરસ રીતે લડીને પોતાના અસીલને જિતાડયો અને 'બાપ કરતાં બેટો સવાયો'નું નામ મેળવ્યું.

આમ દિવસે દિવસે ગિજુભાઈની નામના વકીલ તરીકે વધતી જતી હતી. પણ ગિજુભાઈનું દિલ વકીલાતમાં નહોતું. જોકે તેઓ વકીલ તરીકે કામ કરતા, કેસો લડતા અને જીતતા પણ ખરા. પરંતુ તેમના દિલમાં ત્યારે એક બીજી ગડમથલ ચાલી રહી હતી.

એમણે એક અંગ્રેજી ચોપડી વાંચી હતી. એમાં એવું લખ્યું હતું કે ઇટાલીમાં મોન્ટેસોરી નામની બાઈએ ત્રણથી છ વર્ષનાં બાળકો માટે એવી શાળા ખોલી હતી કે જેમાં બાળકોને લડાય નહિ, મરાય નહિ, પણ તેમની ઇચ્છા પ્રેરી કામ ચાલે. આ શાળામાં બાળકો પ્રસન્ન મને આવે, પ્રસન્ન મને રમે, પ્રસન્ન મને કામ કરે અને પ્રસન્ન મને ઘેર જાય.

એક બાજુ જ્યારે ઇટાલીમાં આવી શાળા સ્થપાઈ હતી ત્યારે બીજી બાજુ આપણા દેશમાં કેવી દશા હતી? ઘરમાં માબાપ અને શાળામાં શિક્ષકો બાળકોને મારતાં હતાં. ઘરમાં માબાપ અને શાળામાં શિક્ષકો બાળકોને ધમકાવતાં હતાં. ઘરમાં માબાપ અને શાળામાં શિક્ષકો બાળકોને પોતાના કહ્યા પ્રમાણે જ કામ કરવાનું કહેતાં હતાં. બાળકોને નહોતો પોતાનો રસ, નહોતી પોતાની ઇચ્છા કે નહોતો પોતાનો આનંદ. આવી દશા હતી. આ દશા જોઈને ગિજુભાઈને ખૂબ દુઃખ થયું.

એક દિવસ ઑફિસમાં બેઠાં બેઠાં આ વિષે તેઓ વધુ વિચારતા હતા ત્યાં તેમની ઑફિસ પાસે થઈને એક વેપારી તેના બાળકને મારતો મારતો નિશાળે લઈ જતો હતો. બાળક હાથપગ પછાડતું ખૂબ રોતું હતું પણ વેપારીને એની કંઈ પડી નહોતી. એ તો છેવટે બાળકને ટાંગાટોળી કરીને નિશાળે મૂકી આવ્યો. આ દૃશ્ય જોઈને ગિજુભાઈનું દિલ દ્રવી ગયું. એમને થયું: અરેરે! જે દેશમાં બાળકોને માટે આવું અંધારું

છે તે દેશનો ઉદ્ધાર કેવી રીતે થશે? પ્રસન્ન ચિત્તે કામ કર્યા વિના જો કામ સારું ન થાય, પ્રસન્ન ચિત્તે પૂજા કર્યા વિના જો પ્રભુ રાજી ન થાય, તો પ્રસન્ન ચિત્તે ભણ્યા વિના વિદ્યા ક્યાંથી આવે?

બસ, એ જ વખતે ગિજુભાઈએ મનમાં નિશ્ચય કર્યો કે ગુજરાતમાં એક એવી શાળા કાઢું કે જેમાં બાળકો હસતાં હસતાં આવે, આનંદ કરતાં રમે, ભણે, ગણે ને મજા કરે. અને વઢવાણને ને વકીલાતને સલામ કરી એક દિવસ તેઓ ભાવનગર આવી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં નાનાભાઈ ભટ્ટની સાથે શિક્ષક તરીકે જોડાયા. થોડા વખત પછી ત્યાં જ તેમણે એક બાલમંદિર કાઢ્યું.

એ દિવસ ગિજુભાઈને મન સોનેરી દિન હતો. એ દિવસ ગિજુભાઈને મન આનંદનો દિન હતો. એ દિવસે એમને થતું હતું કે ક્યારે બાળકો બાલમંદિરે આવે અને એમને રમવા ભણવા માટેનાં સુંદર સાધનો આપી તેમને આનંદિત કરું અને આનંદિત થાઉં!

વખત થયો. બાળકો આવ્યાં. બાળકોની પાસે ગિજુભાઈએ રમકડાંનો ઢગલો કર્યો. ગિજુભાઈના મનમાં એમ કે આ બધું જોઈને બાળકો નાચી ઊઠશે. પણ આ શું? એક બાળક આમ ચાલ્યું. બીજું બાળક તેમ ચાલ્યું. એક બાળક ઢીલું પડ્યું. બીજું બાળક ઢીલું પડ્યું. એક બાળક રડવા

માંડયું. બીજું બાળક રડવા માંડયું. બધાં બાળકો રડવા માંડયાં. પહેલે જ દિવસે બાલમંદિરમાં આનંદને બદલે રડારડ થઈ રહી!

પણ એથી ગિજુભાઈ મૂંઝાયા નહિ. એમણે એમ કેમ બન્યું એ વિષે વિચાર કર્યો અને બીજે દિવસે બાળકો આવ્યાં ત્યારે બીજી યુક્તિ અજમાવી. સાધનો લઈને એ જાતે રમવા લાગ્યા. એક બાળક આવ્યું ને જોવા લાગ્યું. એમ સર્વ બાળકો આવ્યાં ને ગિજુભાઈ શું કરે છે તે જોવા લાગ્યાં. પછી ધીરે રહીને એક બાળકને ગિજુભાઈએ સાધન આપ્યું અને તે રમવા લાગ્યું. બીજા બાળકને સાધન આપ્યું અને તે રમવા લાગ્યું. એમ સર્વ બાળકોને જુદાં જુદાં સાધનો આપ્યાં અને બધાં બાળકો રમવા લાગ્યાં. પછી દૂર ઊભા ઊભા ગિજુભાઈ જોવા લાગ્યા. બાળકોના દિલમાં રમવાનો આનંદ માતો નહોતો, ને ગિજુભાઈના દિલમાં તેમને રમતાં જોવાનો આનંદ માતો નહોતો. તે દિવસે બાળકોમાં રહેલ સાચા આનંદનો ગિજુભાઈએ અનુભવ કર્યો અને બાળકોમાં રહેલ દિવ્ય શક્તિનાં એમણે દર્શન કર્યાં.

પછી તો બાળકો પ્રત્યે એમની ભક્તિ દિવસે દિવસે વધતી ગઈ અને એક સામાન્ય વકીલ મટીને તેઓ ગુજરાતનાં બાળકોના સાચા વકીલ બન્યા.

[ ૮ ]

# ગિજુભાઈ ને તારાબહેન

જેઓ ગિજુભાઈના નામથી પરિચિત છે, તેઓ તારાબહેનનું નામ જરૂર જાણતાં હશે. બાગને બે ખૂણે ઊગેલા એક જ જાતના ગુલાબના છોડ સંજોગવશાત્ એક જ ક્યારામાં આવીને ભેગા મળે, વિકસે અને પોતાનાં ફૂલોથી જગતને સુગંધિત કરી મૂકે તેમ ગિજુભાઈ ને તારાબહેને તેમના કાર્યથી ગુજરાત અને બૃહદ્ ગુજરાતને બાલમંદિરમય બનાવી દીધું.

વિધિના પણ ખેલ છે ને! ક્યાંના ગિજુભાઈ ને ક્યાંનાં તારાબહેન! ગિજુભાઈ ગુજરાતના અને તારાબહેન મહારાષ્ટ્રનાં. તારાબહેન રાજકોટમાં કાઠિયાવાડના એક છેડે કામ કરે. ગિજુભાઈ ભાવનગરમાં કાઠિયાવાડને બીજે છેડે કામ કરે. ગિજુભાઈનું કાર્યક્ષેત્ર બાલમંદિરમાં. તારાબહેનનું કાર્યક્ષેત્ર સ્ત્રી-પાઠશાળામાં. ગિજુભાઈ ન તારાબહેનને ઓળખે, તારાબહેન ન ગિજુભાઈને ઓળખે.

પણ તારાબહેન એક વખત ભાવનગર આવી ચડ્યાં અને ગિજુભાઈનું બાલમંદિર જોવા ગયાં. ઊંચી ટેકરી ઉપર સરસ મકાન. ચારે બાજુથી ખુશનુમા હવા આવે એવા સરસ સ્થળમાં કોઈ બાળકો રમતાં હોય, કોઈ બાળકો ફૂલ જોતાં હોય, એમ સૌ બાળકો આનંદ કરતાં, કિલ્લોલ કરતાં દેખાય એ

દૃશ્ય કેવું લાગે ? સાધારણ જોનારને પણ એ ગમી જાય તો તારાબહેનનો તો શિક્ષિકાનો આત્મા ને માતાના હૃદયવાળાં. એ તો આ જોઈ ખુશ ખુશ થઈ ગયાં. ઘડીભર એમને એમ થઈ ગયું કે આવા બાલદેવોની વચ્ચે કામ કરવાનું હોય તો કેવું સારું ? વાતવાતમાં એમણે ગિજુભાઈને આ વિષે ઇશારો પણ કર્યો. ગિજુભાઈએ કહ્યું કે આવો ને ઘણી ખુશીથી. તો તો સોનામાં સુગંધ મળે.

તારાબહેન આ વખતે રાજકોટમાં સ્ત્રી અધ્યાપન મંદિરના પ્રિન્સિપાલપદે હતાં. તેમનો મોભો મોટો ને પગાર પણ સારો હતો. એ છોડીને તેઓ ભાવનગર જાય તેમાં તેમના હોદ્દામાં કે પગારમાં કાંઈ વધારો થનાર નહોતો. પણ જેમને કોઈ કામની લગની લાગી હોય તેઓ હોદ્દો કે પગાર જોતાં નથી પણ કામ જ જુએ છે. એમ જ તારાબહેન પણ સારો હોદ્દો ને પગાર છોડીને ગિજુભાઈના બાલમંદિરમાં એક કાર્યકર તરીકે સાધારણ પગારથી જોડાયાં.

તારાબહેનના આવ્યા પછી ગિજુભાઈના બાલમંદિરનું કામકાજ વધતું ગયું. અત્યાર સુધી ગિજુભાઈ એકલા હતા એટલે બાલમંદિરના કામકાજમાં જ રોકાયેલા રહેતા હતા. હવે તારાબહેન આવતાં તેમણે બાલમંદિર બહારની પ્રવૃત્તિ પણ વધારી. શ્રીમતી સરલાદેવી સારાભાઈને પ્રમુખપદે મોંટેસોરી સંઘ સ્થાપી ગુજરાતમાં બાલશિક્ષણનો પ્રચાર શરૂ કર્યો. ધીમે

ધીમે તારાબહેન બાલમંદિરની પ્રવૃત્તિમાં સંપૂર્ણ પરોવાંઈ ગયાં અને બાલદેવો સાથે એકરૂપ બની ગયાં.

એમ બાળકોની સેવામાં એમણે એક વર્ષ તપ કર્યું, બે વર્ષ તપ કર્યું, ત્રણ વર્ષ તપ કર્યું. પછી તો તપનાં વર્ષો વધતાં ચાલ્યાં. એ તપથી રાજી થઈને ભગવાન જેમ 'માગ માગ, માગે તે આપું' એમ કહે, તેમ તેમના તપની સિદ્ધિ ફળવા લાગી. ગિજુભાઈ અને તારાબહેનના કાર્યથી આકર્ષાઈ ને કોઈ કોઈ ભાઈઓ તેમની પાસે બાળશિક્ષણનો મંત્ર લેવા આવવા લાગ્યા. અત્યાર સુધી ગિજુભાઈ ને તારાબહેન બાલ-મંદિરમાં માત્ર શિક્ષક હતાં. હવે તેઓ ગુરુ બન્યાં. હવે તેઓ બાળસેવાની દીક્ષા આપવા લાગ્યાં. વહેલી પરોઢથી તેમનો જ્ઞાનયજ્ઞ શરૂ થાય તે મોડી રાત સુધી ચાલે. પણ ભણાવનાર થાકે કે કંટાળે નહિ તેમ ભણનાર પણ થાકે કે કંટાળે નહિ, બલ્કે ઉત્સાહ ને આનંદનું વાતાવરણ ઓર જામતું જાય. ગુરુઓ જ્ઞાનનાં અમૃત દીધા કરે, શિષ્યો તે પ્રેમપૂર્વક પીધા કરે.

પછી તો ભાવનગરને આંગણે બાલશિક્ષણનો યજ્ઞ મંડાયો. અને ગિજુભાઈ ને તારાબહેન પાસે બાલશિક્ષણની તાલીમ લેવા ગુજરાતને ગામેગામથી ભાઈબહેનો આવવા લાગ્યાં. ગિજુભાઈ ને તારાબહેન પાસે બાલશિક્ષણની તાલીમ લીધેલ કેટલાંક ભાઈબહેનો આજે ગુજરાત અને બૃહદ્ ગુજરાતનાં બાલ-મંદિરોમાં કામ કરી રહ્યાં છે.

આમ ગિજુભાઈ ને તારાબહેને ગુજરાતમાં બાલયુગના શ્રીગણેશ માંડ્યા. તેમણે બાલમંદિરો માટે માત્ર શિક્ષકો જ તૈયાર ન કર્યાં પરંતુ સાથે સાથે શિક્ષણપત્રિકા કાઢીને જનતામાં પણ બાલશિક્ષણનો પ્રચાર કર્યો. વળી ગુજરાતની બાલસાહિત્યવાટિકાને પણ વિવિધ પુષ્પો ધરીને તેમણે મઘમઘતી બનાવી. ગિજુભાઈ ને તારાબહેને બાળકો માટે એવાં સુંદર પુસ્તકો લખ્યાં કે આજેય બાળકો તે હોંશે હોંશે વાંચે છે ને પ્રેરણા મેળવે છે. તેમનાં પુસ્તકો હજારોની સંખ્યામાં ખપી ગયાં છે. ગુજરાતની એકેએક શાળામાં તેમ જ સંસ્કારી કુટુંબોમાં આજેય તેમનાં પુસ્તકો જોવાનાં મળે છે.

આજે ગિજુભાઈ નથી પણ તારાબહેન છે. તેઓ જાણે ગિજુભાઈનું અધૂરું કાર્ય પૂરું કરે છે. મુંબઈ જેવા મોટા શહેરમાં એકે આદર્શ બાલમંદિર ન મળે એ કેવું કહેવાય? તારાબહેને આથી દાદરમાં શિશુવિહાર નામની સંસ્થા સ્થાપી. તેમાં પ્રાણ પૂર્યાં. આજે એ સંસ્થા મુંબઈના એક આદર્શ બાલમંદિર તરીકે પંકાય છે.

પણ દેશની સાચી સેવા શહેરમાં નથી પણ ગામડામાં રહેલી છે. ગાંધીજીના એ સત્યકથનને તારાબહેન સંજોગવશાત્ આજ સુધી અમલમાં મૂકી શકયાં નહોતાં, પણ હવે તેમણે તે પાર પાડવાનું નક્કી કર્યું છે. આજે તેઓ મુંબઈ છોડીને બોરડી નામે ગામમાં બેઠાં છે ને બાલવાડી દ્વારા ગુજરાતને

ગામડે ગામડે બાળકેળવણીનો સંદેશો પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. શહેરો સુધી તો બાલમંદિરનો સંદેશો પહોંચ્યો હતો, હવે ગામડે ગામડે એ સંદેશો પહોંચશે. ખરેખર, જ્યારે ગામડે ગામડે બાલવાડીનો સૂરજ ઊગશે ત્યારે ગાંધીજી અને ગિજુભાઈના આત્મા કેવા રાજી થશે !

[ ૯ ]

# ગિજુભાઈ ને જુગતરામ

જેમ ગિજુભાઈ ને તારાબહેને મળી બાલશિક્ષણનું સુંદર કાર્ય કર્યું, તેમ ગિજુભાઈ ને જુગતરામની જોડીએ પણ ગુજરાતનાં બાળકો માટે વાચનમાળાનું એક ઉત્તમ કાર્ય કર્યું છે. જેમ ગિજુભાઈ ને તારાબહેન એકબીજાને જાણતાં નહોતાં પણ એક દિવસ આકસ્મિક ભેગાં થઈ ગયાં તેમ ગિજુભાઈ ને જુગતરામ વિષે પણ કહી શકાય.

જોકે ગિજુભાઈ અને જુગતરામ બંને કાઠિયાવાડના હતા. પણ ગિજુભાઈ કાઠિયાવાડમાં કામ કરતા હતા અને જુગતરામ ગુજરાતમાં કામ કરતા હતા. ગિજુભાઈ ભાવનગરમાં ઊજળા વર્ગના લોકોનાં બાળકો વચ્ચે બેઠા હતા. જુગતરામ

ીનાં દૂબળા લોકોનાં બાળકો વચ્ચે બેઠા હતા. આમ:
નાં ક્ષેત્ર જુદાં હતાં, સ્થળ જુદાં હતાં પણ પ્રવૃત્તિ
હતી અને ધ્યેય પણ એક જ હતું એ વાત સાચી.

એક વખત જુગતરામ ભાવનગરમાં ગિજુભાઈના બાલ-
ંદિરિયે આવ્યા. તેમણે નાનાં નાનાં બાળકોને ગિજુભાઈની.
સાથે ગીતો ગાતાં જોયાં. નાટકો કરતાં જોયાં. નાની કોદાળી ને.
નાના પાવડા લઈને બાગકામ કરતાં જોયાં. એક તો ટેકરીની.
ભવ્યતા. બીજું મકાનની સુંદરતા. ત્રીજો ખુશનુમા પવન અને
ચોથો બાળકોનો આનંદ. એ સર્વે જોઈને એ હાલી ઊઠ્યા..
જુગતરામ તો કવિહૃદયવાળા હતા એટલે આ બધું જોતાં જ
તેમના હૃદયમાંથી કાવ્ય સરી પડ્યું :

બાલમંદિરિયું
બાલમંદિરિયું, સુંદર સોહાય
અમારું બાલમંદિરિયું.
વ્હાલું મારું
સવારે સૂરજ સોનલા જ વેરે
સાંજે ગુલાબ ઢોળી જાય
વ્હાલું મારું બાલમંદિરિયું.

આવું સુંદર કાવ્ય કોને ના ગમે? ગિજુભાઈએ તેને
સત્કાર્યું. બાળકોએ તેને કંઠે કર્યું. આજે ગુજરાતનાં બાલ
મંદિરોનું એ પ્યારું ગીત બની ગયું છે.

જુગતરામને થયું, "બાલમંદિરની આવી મજા ગામડાનાં બાળકોને મળે તો કેવું સારું!" આ વિષે ગિજુભાઈને જુગતરામે અનેક વાતો કરી. છેવટે બંનેએ મળીને ગામડાં ને શહેરનાં બધાં બાળકોને ઉપયોગી થાય એવી એક વાચનમાળા લખવાનો વિચાર કર્યો.

એનું પ્રથમ પુષ્પ : ચાલણગાડી. ગિજુભાઈ ને જુગતરામે તે લખી અને જાણીતા ચિત્રકાર રવિશંકર રાવળે તે શણગારી. પછી એમાં શી ખામી રહે ? ચાલણગાડી ગુજરાતનાં બાળકોનું જ્ઞાનરમકડું બની ગઈ. આજ સુધીમાં આ પુસ્તિકા દ્વારા હજારો બાળકો વાંચતાં થયાં છે.

ચાલણગાડીએ ચાલવાને બાળકો ટેવાઈ ગયાં એટલે તેમને રમવા 'મોટીબહેન' નામની ચોપડી આપી. ઘરમાં ચાલતાં ન આવડે એ બાળકોને મોટીબહેન આંગળીએ ફેરવી ચાલતાં શીખવે છે એમ ચાલણગાડીએ વાંચતાં બાળકોને 'મોટીબહેન' દ્વારા વાચન પાકું કરાવ્યું.

પછી 'સુંદર પાઠો' આપ્યા. બાળકો આ 'સુંદર પાઠો' વાંચીને વાચનરસિયાં બન્યાં. ચાલતાં થયા પછી બાળકોને ચાલવાની ને ખાવાની ભૂખ ઊઘડે તેમ સુંદર પાઠો વાંચી ગયા પછી બાળકોની વાચનભૂખ ઊઘડી !

બાળકોને શું ગમે ? તેમના જેવા દોસ્ત ! તેનના જેવા ભેરુ. ચાલણગાડી, મોટીબહેન, અને સુંદર પાઠો વાંચીને બાળકો હવે વાંચતાં થઈ ગયાં હતાં. એટલે ગિજુભાઈ ને જુગતરામે તેમને "ભેરુ" નામે પુસ્તકમિત્ર આપ્યો. આ ભેરુ દ્વારા બાળકોએ દુનિયામાં ડોકિયાં કર્યાં અને તેમને જાતજાતનાં દર્શન થયાં. બાળકોને ભેરુ વાંચવાની ખૂબ મજા પડી.

પણ મોટા થયા પછી બાળકોના પગ થનગનવા માંડે અને જીવ સળવળવા માંડે છે. એ વખતે એમને કંઈ કંઈ જોવાનું મન થાય છે. ગિજુભાઈ ને જુગતરામ તો બાળકોના દોસ્ત એટલે તેમની પ્રકૃતિ તરત સમજે. સર્વે ભેરુઓ હવે રમતા ભમતા થયા હતા એટલે એમને 'આંબાવાડિયું' આપ્યું અને કુદરતમાં છૂટા મૂકી દીધા. ફાવે ત્યાં ફરો. જોવાય તેટલું જુઓ. નદી જુઓ, પર્વત જુઓ, ફળ જુઓ, ફૂલ જુઓ, પંખી જુઓ, પ્રાણી જુઓ. દુનિયા આખી ખૂંદી વળો.

બાળકોએ આંબાવાડિયા દ્વારા વિવિધ દુનિયાનો પરિચય કર્યો. પછી ગિજુભાઈ ને જુગતરામે બાળકોને છૂટપૂટ મૂકી દીધાં. હવે બાળકો સ્વતંત્ર વાંચતાં થયાં હતાં એટલે કોઈની મદદની જરૂર નહોતી. પછી શા માટે તેમને છૂટાં ન મૂકવાં ? ગિજુભાઈ ને જુગતરામે બાળકોને કહ્યું : "હવે જાઓ, તમારે માટે વાચનનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં છે. તમને મનગમતી

ચોપડીઓ વાંચો અને તમારો જ્ઞાનનો ભંડાર તમે ભરપૂર કરો.”

તમે ગિજુભાઈ ને જુગતરામની ચાલણગાડીથી આંબાવાડિયા સુધીની ચોપડીઓ વાંચી છે? ન વાંચી હોય તો વાંચી જજો. એ ચોપડીઓ વાંચવામાં તમને ઓર મજા આવશે.

આપણી સરકાર સત્તા ઉપર આવતાં જ્યારે શાળાઓમાં ચાલણગાડી ચલાવવાનું નક્કી થયું ત્યારે ગિજુભાઈ હયાત નહોતા તેથી જુગતરામે ચાલણગાડીનું સંસ્કરણ કરી નવી ગાડી રચીને બાળકોના હાથમાં મૂકી. તેમાં તેમણે ગિજુભાઈને અંજલિ આપતાં લખ્યું કે: “ગિજુભાઈની આ વહાલી વસ્તુનું સંસ્કરણ તેમણે ને મારે સાથે બેસીને કરવું એમ અમે ધારેલું પણ ઈશ્વરે તે ધારણા પાર પડવા ન દીધી. હસતો રહેજે સદા હે બાલમિત્ર આત્મા! આ નવી ચાલણગાડી ઉપર અને તેના બાળવાચકો ઉપર.”

આમ ગિજુભાઈ ને જુગતરામે જે ઇચ્છાથી ચાલણગાડી લખી હતી તે પાર પડી ને ગુજરાતના ઘરઘરમાં ચાલણગાડી વંચાતી થઈ.

[૧૦]

# ગિજુભાઈ ને કાકાસાહેબ

ગિજુભાઈ જેમ બાળકોના દોસ્ત તેમ કાકા પણ બાળકોના દોસ્ત. પણ કાકાને બાળકોની દોસ્તી કરાવનાર તો ગિજુભાઈ જ. આ કાકા તે કોણ, જાણો છો? કાકાસાહેબ કાલેલકર.

એક વાર ગિજુભાઈ કાકાને મળવા ગયા હતા. ગિજુભાઈ તો બાળકોના દોસ્ત એટલે જ્યાં જાય ત્યાં તરત બાળકોની દોસ્તી કરી લે.

કાકાને બાળ નામે નાનો દીકરો હતો. ગિજુભાઈએ બાળને એક એવી સરસ વાર્તા કહી કે બાળ તેમની પર ખુશ ખુશ થઈ ગયો. કાકાએ જોયું કે જે બાળ ગિજુભાઈ આવ્યા ત્યારે તેમની પાસે નહોતો જતો તે બાળ હવે તેમની પાછળ પાછળ ફરે છે. કેવી નવાઈ? કાકાને થયું : ગિજુભાઈ બાળકોના ખરેખરા દોસ્ત છે.

પણ કાકાએ ગિજુભાઈની ખરી ખૂબી તો બાલમંદિરમાં જોઈ. એક વાર કાકા બાલમંદિરમાં આવેલા. કાકાએ જોયું કે ગિજુભાઈ ક્યાં છે. ગિજુભાઈ તો નાનાં નાનાં બટુકડાંઓની વચ્ચે બટુકડાની જેમ ગોઠવાઈ ગયેલા. આજુબાજુ બાળકો ને વચ્ચે ગિજુભાઈ. ગિજુભાઈ વાર્તા કહેતા હતા અને બાળકો

તેમના સામું ટગર ટગર જોઈને સાંભળતાં હતાં! કેવું સુંદર એ દૃશ્ય હતું!

કાકાએ બાલમંદિરમાંથી આજુબાજુ નજર નાખી. દૂર દૂર ઘરોની હારમાળા દેખાતી હતી. એ જોઈને કાકાને થયું કે સાચી દુનિયા ભલે એ ઘરોમાં હોય પણ બાળકોનું સ્વર્ગ તો અહીં આ ટેકરી ઉપર જ છે. બાળકો બિચારાં ઘરે જતાં હશે ત્યારે તો તેમને માતપિતા તરફથી ડારો મળતો હશે પણ અહીં ગિજુભાઈ પાસે તો તેઓ સ્વર્ગના દેવોની જેમ આનંદ કરી રહ્યાં છે અને આનંદ આપી રહ્યાં છે.

પછી તો ગિજુભાઈ ને કાકાનો સંબંધ વધતો ગયો. ગિજુભાઈએ વિચાર કર્યો કે કાકાને હું એકલો જાણું તે કેમ ચાલે? બાળકોને પણ તેમનો પરિચય કરાવવો જોઈએ. આ અરસામાં તેઓ બાળકોને માટે વિવિધ ચોપડીઓ તૈયાર કરી રહ્યા હતા. ગણપતિ બાપા, હરિશ્ચંદ્ર, હંસ ને હંસા, રામજીભાઈ પડી ગયા, શિવાજી મહારાજ, વગેરે વગેરે. મંદિરની સાકર-પ્રસાદી જેમ બાળકોને ગળી ગળી મધ લાગે છે તેમ ગિજુ-ભાઈની આ પુસ્તકપ્રસાદી પણ બાળકોને મીઠી મધ લાગતી હતી.

ગિજુભાઈએ વિચાર કર્યો કે બાળકોને કાકાની પ્રસાદી પણ આપવી જોઈએ. 'ઓતરાતી દીવાલો' નામે કાકાએ એક સરસ ચોપડી લખેલી. તેમાં પ્રાણીપરિચયની અને બીજી

અનેક વાતો હતી. પણ તે જરાક મોટી હતી એટલે ગિજુભાઈએ તેનો સંક્ષેપ કરીને 'ઓતરાતી દીવાલો ભાગ ૧ – ૨' તૈયાર કરી છપાવી. બાળકોનેં તે ખૂબ પસંદ પડી. એ રીતે ગુજરાતનાં બાળકોએ કાકાનો પ્રથમ પરિચય કર્યો.

પછી તો કાકા પણ બાળકોના કામમાં ખૂબ રસ લેતા થયા અને જ્યાં જાય ત્યાં બાળકોને મળે અને વાતો કરે. 'બાલકન જી બારી'નું નામ તો હવે ખૂબ જાણીતું છે અને આજે તો તેની ઠેર ઠેર અનેક શાખાઓ ચાલે છે. એ 'બાલકન જી બારી'ની એક પરિષદ મુંબઈમાં મળવાની હતી. તેના પ્રમુખ કાકા હતા. એ અગાઉની પરિષદમાં ગિજુભાઈ પ્રમુખ હતા અને આ વખતે કાકા. કેવો મેળ મળ્યો !

ગિજુભાઈ ને કાકાએ મળીને બાળકોને ખૂબ આનંદ કરાવ્યો અને તેમની સાથેની દોસ્તી પાકી કરી.

આજેય કાકા જ્યારે જ્યારે કોઈ બાલમંદિરમાં કે બાલસભામાં કે બાલશિક્ષણની મોટેરાંની સભામાં જાય છે ત્યારે તેઓ ગિજુભાઈને યાદ કરે છે ને માનભરી અંજલિ આપે છે.

[ ૧૧ ]

# ગિજુભાઈ ને ગાંધીજી

ઘણાં વર્ષો પહેલાંની વાત છે.

એકવાર ગાંધીજીએ બાળપોથી લખી.

ગાંધીજીએ જોયું કે આપણો દેશ તો ગરીબ દેશ. એને ઊંચે લાવવો હોય તો બાળકથી માંડીને બુઢ્ઢાં સુધીનાં બધાંએ કામ કરવું જોઈએ.

એ કેમ બને ?

ગાંધીજીએ વિચાર કર્યો કે નાનપણથી જ જો બાળકોને એવું શિક્ષણ આપવામાં આવે તો જ આ વાત બની શકે.

આ વિચારમાંથી ગાંધીજીને બાળપોથી લખવાનું સૂઝ્યું. ગાંધીજીએ એક બાળપોથી લખી ! એમાં એમણે એવા પાઠો લખ્યા કે તે વાંચીને બાળકો કામ કરતાં થાય !

ગાંધીજીએ બાળપોથી લખીને મહાદેવભાઈને આપી. મહાદેવભાઈ તો સાહિત્યપ્રેમી અને કળાપ્રેમી બંને. સાથે સાથે શિક્ષણરસિયા પણ ખરા જ. એમને ગાંધીજીએ લખેલી બાળપોથી ગમી તો ખરી પણ એમાંથી બાળકોની ઊર્મિને કેવો આવેગ અને આનંદ મળશે એ પણ જોવું જોઈએ.

બાળપોથીના પાઠો સારા હોય, ભાવના સારી હોય પરંતુ તેના વાચનથી જો બાળકોને આનંદ અને તાજગી મળે નહિ તો એનો અર્થ કશો જ નહિ.

આથી મહાદેવભાઈએ આ બાળપોથી ગિજુભાઈને મોકલી અને એમનો અભિપ્રાય માંગ્યો.

મહાદેવભાઈ જાણતા હતા કે ગિજુભાઈ બાળકોના દોસ્ત હતા એટલું જ નહિ પણ બાળકોને કઈ જાતની કેળવણી આપવી જોઈએ તેનો તેઓ પંડિત હતા !

ગાંધીજીએ લખેલી બાળપોથી ગિજુભાઈ એક વાર વાંચી ગયા, બીજી વાર વાંચી ગયા, ત્રીજી વાર વાંચી ગયા.

ગિજુભાઈ જાણતા હતા કે ગાંધીજી દેશના એક મહાપુરુષ હતા. દેશને સ્વરાજ અપાવવાની અને દેશની ગરીબી ટાળવાની તેમને તાલાવેલી લાગી હતી અને તેને માટે જે કંઈ કરવું ઘટે તે બધું જ કરવા તેઓ તત્પર હતા. બાળપોથી એ પાશેરાની પહેલી પૂણી સમાન હતી.

પણ બાલ્યકાળ એ તો જીવનનો એક અતિ અગત્યનો કાળ. તે વખતે બાળક હસે, રમે, નાચે, કૂદે અને તેની સાથે તેનામાં નવજીવનની ભાવના ખીલતી જાય. એનું નામ જ ખરી કેળવણી.

હસતાં રમતાં અને આનંદ કરતાં બાળકો જે કાર્ય કરે છે તેના સંસ્કાર બાળકના જીવનમાં છેક સુધી રહી જાય છે. પંખીને પાંજરે પૂરીને જેમ આપણે તેનો આનંદ છીનવી લઈએ છીએ, એવી રીતે શિક્ષણના પાંજરામાં બાળકને બંદી બનાવીને તેમનો આનંદ છીનવી શકીએ નહિ. ભણતર બાળકને માટે બોજારૂપ નહિ પણ આનંદદાયી હોવું જોઈએ.

બાળકોની વચ્ચે બેસીને અને બાળકોની સાથે રહીને ગિજુભાઈએ જે સત્યનું દર્શન કર્યું તેને તેઓ કેમ વીસરી જાય ? ગિજુભાઈએ આ બધી વાત ગાંધીજીને લખી જણાવી.

જેમ ગિજુભાઈને બાળકો વહાલાં હતાં એમ ગાંધીજીને પણ બાળકો ઘણાં વહાલાં હતાં. બાળકો ઉલ્લાસ દ્વારા જીવન-શિક્ષણ પામે એવું કોણ ન ઇચ્છે ? સત્યના પૂજારી ગાંધીજીને તો આ વાત ગમે જ ગમે. ગાંધીજીએ ગિજુભાઈના લખાણને મહોર મારી અને બાળપોથી ન છપાવી.

પણ ગિજુભાઈના કાર્યે જેમ સૌને ખુશ કર્યાં એમ ગાંધીજીને પણ ખુશ કર્યા. ગાંધીજીની પાસે દેશવ્યાપી એવાં ને એટલાં બધાં કાર્યો પડેલાં હતાં કે એમાંથી એમને બીજાં કાર્યો જોવાની ફુરસદ નહોતી. પછી તેને વિષે વધુ જાણવાની તો વાત જ ક્યાંથી હોય ? પણ ગાંધીજી એટલું જાણતા હતા

કે બાળકોનું કામ કરીને ગિજુભાઈ માનવજાતનું એક ઉમદા કાર્ય કરી રહ્યા હતા.

ગિજુભાઈ મુંબઈમાં મરણપથારીએ પડયા હતા ત્યારની વાત છે. ગાંધીજી પણ એ અરસામાં સેવાગ્રામથી મુંબઈ આવ્યા હતા. કોઈએ એમને ગિજુભાઈની બીમારીના ખબર આપ્યા. ગાંધીજીએ તરત જ મહાદેવભાઈને કહ્યું, "આપણે ગિજુભાઈને જોવા જવાનું છે."

પણ ગાંધીજી ગિજુભાઈને જોવા હૉસ્પિટાલમાં જાય તે પહેલાં જ તેમના અવસાનના સમાચાર મળ્યા.

ગિજુભાઈના અવસાન બાદ ગાંધીજીને ગિજુભાઈ વિષે બે શબ્દો લખવા વિનંતિ કરવામાં આવી. તેના જવાબમાં ગાંધીજીએ લખ્યું: 'ગિજુભાઈને વિષે લખનાર હું કોણ? એનું કામ ઊગી નીકળશે.'

ગાંધીજીએ ઉપરનાં બે નાનકડાં વાકયો દ્વારા ગિજુભાઈ અને તેમના કાર્યને કેવી સરસ અંજલિ આપી હતી!

[ ૧૨ ]

# ગિજુભાઈ સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝુકાવે છે

સને ૧૯૩૦ ની સાલમાં ગાંધીજીએ સ્વરાજની લડત જાહેર કરી. અમદાવાદથી પગે ચાલીને એમણે દાંડીકૂચ આદરી. ગાંધીજીએ ગામેગામ એક પછી એક એવાં જોરદાર ભાષણો કરવા માંડ્યાં કે આખો દેશ ખળભળી ઊઠ્યો. ગાંધીજીના ભાષણના નાદે નાનાં-મોટાં, ગરીબ-તવંગર સૌ સ્વરાજની લડાઈમાં લડવા ઘેલાં બન્યાં.

ખેડૂતો ખેતી છોડીને આવ્યા. મજૂરો મિલો છોડીને આવ્યા. વિદ્યાર્થીઓ શાળા છોડીને આવ્યા. વકીલો વકીલાત છોડીને આવ્યા. દાક્તરો દવાખાનાં બંધ કરીને આવ્યા. આમ દેશભરમાં સ્વતંત્રતાનો એવો પવન ફૂંકાયો કે સૌના દિલમાં સ્વરાજનાં પડઘમ બજી રહ્યાં.

ગિજુભાઈએ વિચાર કર્યો કે દેશમાં જ્યારે સ્વાતંત્ર્યનો આવો ઘોર સંગ્રામ ખેલાતો હોય ત્યારે મારાથી બાલમંદિરમાં કેમ બેઠું રહેવાય? ગિજુભાઈ પણ બાલમંદિરને તાળું મારીને સ્વાતંત્ર્યસંગ્રામના સિપાઈ બન્યા.

સ્વરાજની લડાઈનો ખેલ જોવા જેવો હતો. એક બાજુથી સરકારને હરાવવા લોકોએ સત્યાગ્રહની હારમાળા માંડી હતી તો

બીજી બાજુથી સરકારે લડાઈને દાબી દેવા માટે લોકો ઉપર દમન કરવાનું શરૂ કર્યું. સરકાર માણસ મટી ગઈ અને રાક્ષસનું રૂપ ધારણ કર્યું. ડગલે ને પગલે લાઠીમાર થવા માંડ્યો. પુરુષો ઉપર તો ઠીક પણ સરકારે બાળકો અને સ્ત્રીઓ ઉપર સોટીઓ અને લાઠી ચલાવી.

બોરસદમાં બહેનોનું એક મોટું સરઘસ નીકળ્યું. પોલીસોએ નિર્દય થઈને એની ઉપર એવી લાઠી ચલાવી કે કેટલીય બહેનો ઘાયલ થઈ! લીલાવતી નામનાં એક બહેનને તો પોલીસે એવો માર મારેલો કે તેઓ મરણતોલ સ્થિતિમાં મુકાઈ ગયેલાં !

ગિજુભાઈએ આ બધું જોઈને ‘બોરસદની વીરાંગનાઓ’ નામે એક ચોપડી લખી. એમાં સરકાર તરફથી બહેનો ઉપર કેવા કેવા જુલમો થયા અને બહેનોએ તેનો બહાદુરીથી કેવો સામનો કર્યો તેની સાચેસાચી વાતો લખી.

પણ બોરસદમાં આ સ્થિતિ હતી તો બારડોલીમાં વળી બીજી જ પરિસ્થિતિ હતી. બારડોલીના ખેડૂતોએ નાકરની લડાઈ જાહેર કરી હતી. સરકારે એમને એવા હેરાનપરેશાન કરી મૂક્યા કે તેઓ તેમના ગામમાંથી હિજરત કરીને પરહદમાં જઈને રહ્યા.

તેઓ પોતાની સાથે શું લઈ જાય ને કેટલું લઈ જાય ? આખું ઘર કાંઈ પોતાની સાથે ઓછું લઈ જવાય ? વળી હિજરત

કરવાનું કામ દિવસે તો બને નહિ; કારણ કે સરકાર જુએ તો માલમિલકત જપ્ત કરે. એટલે રાતે જ હિજરત કરવી પડે. અંધારામાં અથડાતાં–કુટાતાં કેવી રીતે હિજરત કરી તેની વાત ગિજુભાઈએ 'બારડોલીની હિજરત' નામની ચોપડીમાં સરસ રીતે લખી છે.

પણ ચોપડી લખીને ગિજુભાઈ બેસી ન રહ્યા. નવસારીમાં છાવણી નાખી એમણે આસપાસ ગામડામાં ફરવા માંડ્યું અને ભાષણો કરવા માંડ્યાં. સ્વરાજ માટે સ્ત્રીઓ લડે, પુરુષો લડે, તો બાળકો શા માટે નહિ ?

પછી તો ગામેગામ વાનરસેનાઓ ઊભી થઈ. વાનરસેનાનાં સરઘસો અને પ્રભાતફેરીઓ નીકળવા માંડી.

સ્વરાજ માટે લડશે કોણ ?
વાનરસેના, વાનરસેના !
સ્વરાજ માટે મરશે કોણ ?
વાનરસેના, વાનરસેના !

ગિજુભાઈએ વાનરસેનાને ગીતો આપ્યાં અને વાનરસેનાએ આ ગીતો ગાઈને ગામેગામ ગજવી મૂક્યાં.

ધીમે ધીમે વાનરસેનાની પ્રવૃત્તિ એટલી બધી વધતી ગઈ કે સુરત મુકામે વાનરસેનાની એક પરિષદ બોલાવવામાં આવી.

શ્રીમતી હંસાબહેન મહેતાને એ પરિષદનાં પ્રમુખ ચૂંટવામાં આવ્યાં.

પરિષદ વાનરસેનાથી ઊભરાઈ ગઈ! જેમ રામની વાનર-સેનાએ લંકા ઉપર ચડાઈ કરી એમ આપણી વાનરસેના સરકાર સામે યુદ્ધે ચડી!

બધાંને એમ લાગતું હતું કે આ વાનરસેનાને કબજે કેમ રખાશે? પણ ગિજુભાઈ તો બાળકોને વશ કેમ રાખવાં એ સારી રીતે જાણતા હતા. એમણે તરત કીમિયો કર્યો.

બાળકો વાર્તાભૂખ્યાં હોય છે એટલે ગિજુભાઈએ એક વાત માંડી. એની સાથે જ વાનરોનો ગણગણાટ બંધ થઈ ગયો અને આખી પરિષદમાં શાંતિ છવાઈ ગઈ. સૌ ગિજુ-ભાઈની તરફ એકીટશે જોઈ રહ્યાં ને વાત સાંભળવા લાગ્યાં.

જોનારાંઓ જોઈ રહ્યાં કે ગિજુભાઈની પાસે શો જાદુ છે કે તેમના બોલ ઉપર વાનરો ફિદા થઈ રહ્યાં છે! પછી તો ઇન્કિલાબ ઝિંદાબાદ અને દેશનેતાઓના નામના જયજય-કારથી આખી પરિષદ ગાજી ઊઠી!

ખરેખર, ગિજુભાઈની હાજરીને લઈને વાનરસેનાની એ પરિષદ સૌને યાદગાર બની ગઈ!

ગિજુભાઈએ સ્વાતંત્ર્યસંગ્રામમાં આવી રીતે અનેક પ્રકારે કામ કર્યું પરંતુ તેમના હાથમાં જેલરેખા નહિ હોય

[ ૧૩ ]

# ગિજુભાઈનાં વિવિધ કાર્યો

બીજ તો નાનું સરખું એક જ હોય છે પણ વૃક્ષરૂપે જ વિકસીને તે કેટલાં બધાં ફળ આપે છે? તેમ ગિજુભાઈમાં રહેલ આત્મા તો બીજ સરખો નાનો હતો પણ તેણે વિકસીને ક કેટલાં બધાં કાર્યો કર્યાં ?

તેમણે બાળકો માટે બાલમંદિરો કાઢ્યાં. બાલક્રીડાંગણો કાઢ્યાં. બાલસંઘો સ્થાપ્યા. ચોપડીઓ લખી. નાનાઓ મા નાની અને મોટાંઓ માટે મોટી. એમાં પાઠો છે, જોડકણાં ગીતો છે. વરતો ને ઉખાણાં છે. રેખાચિત્રો ને જીવનચરિ છે. ગ્રામકથાઓ ને પ્રવાસકથાઓ છે. લોકકથાઓ ને કથાઓ છે. એ વાંચીને બાળકો પંખીઓનો પરિચય કરે પ્રાણીઓનો પરિચય કરે છે, જીવજંતુનો પરિચય ક આમ બાળકો તેમની ચોપડીઓ વાંચીને દુનિયાનો પરિચય સાધે છે.

બાલમંદિરો માટે તેમણે નવીન બાલશિક્ષકો તૈયાર કર્યા. એ બધાને એમણે બાળકના મનોવિજ્ઞાનની માહિતી આપી. એ બધાને એમણે બાલશિક્ષણની અદ્યતન સમજણ આપી. આ નવીન બાલશિક્ષકોને તેમણે કહ્યું કે બાળકોને કદી મારશો નહિ પણ પ્રેમથી તેમને ભણાવજો. બાળકોને કદી લડશો નહિ પણ પ્રેમથી તેમની સાથે વાતો કરજો. બાળકોને કદી લાલચ આપશો નહિ પણ પ્રેમથી તેમને શું કરવાનું છે તે સમજાવજો.

શિક્ષકોની દુનિયાને પણ બાલશિક્ષણના સિદ્ધાંતો સમજાવવા તેમણે 'દીવાસ્વપ્ન', 'શિક્ષક હો તો', 'વાર્તાનું શાસ્ત્ર', 'પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ', 'પ્રાથમિક શાળામાં કળા-કારીગરીનું શિક્ષણ' વગેરે ચોપડીઓ લખી. એમાંની કેટલીક તો હિંદી ભાષામાં પણ અનુવાદિત થઈ છે.

આ ઉપરાંત વાંકુ, લુણાવાડા, વસો વગેરે સ્થળોએ યોજવામાં આવેલ ઓપવર્ગોમાં ગિજુભાઈએ ભાષણો કરીને શિક્ષકોમાં શિક્ષણનો નૂતન પ્રાણ પૂર્યો.

આમ ગિજુભાઈએ જાણે બાલશિક્ષણની ગંગા વહેવડાવી. ખૂબી તો એ હતી કે એમાં નાહનાર જુવાનો હતા, આધેડો હતા, યુવકો હતા, યુવતીઓ હતી, કુમારિકાઓ હતી, માતાઓ હતી. વયનો કોઈ ભેદ નહોતો.

જેમ વયનો ભેદ નહોતો તેમ ભણતરનોય ભેદ ન હતો.

તેમ કોમનો, ધર્મનો કે પ્રાંતનોય ભેદ નહોતો. ગિજુભાઈની પાસે ભણવા આવનાર વિદ્યાર્થીઓમાં હિંદુ હતા, મુસલમાન હતા, પારસી હતા અને ખ્રિસ્તી પણ હતા. એમાં કોઈ કચ્છી હતા, કોઈ ગુજરાતી હતા, કોઈ મહારાષ્ટ્રી હતા, કોઈ સિંધી હતા, કોઈ પંજાબી હતા તો કોઈ સંયુક્ત પ્રાંતના હતા.

માબાપો માટે 'શિક્ષણપત્રિકા' દ્વારા તેમનો નિયમિત પ્રચાર ચાલુ હતો અને આજેય છે. તે ઉપરાંત 'માબાપ થવું આકરું છે,' 'આ તે શી માથાફોડ!' વગેરે ચોપડીઓ લખીને માબાપોને બાળકો મૂંઝવણરૂપ થઈ પડે ત્યારે શું કરવું તેનું માર્ગદર્શન કરાવ્યું છે. બાળકોની વકીલાત કરતાં ગિજુભાઈએ માબાપોને અનેક વાર કહ્યું છે કે પ્રભુએ બાળકોને લડવા કે મારવા માટે નથી સર્જ્યાં. ફૂલને જોઈને કદી કચડી નાખવાનું મન થાય છે? ફૂલને જોતાં જ તે પ્રભુની પૂજાને યોગ્ય છે એમ આપણને થાય છે. બાળકોને વિષે એમ કેમ ન થાય? બાળકો પણ કુમળી કળી શાં દેવરૂપ છે. તેમને હુલાવીફુલાવીને આપણે પ્રેમથી મોટાં કરીએ. તેમનો આ સંદેશો નાના મોટાં સૌએ યાદ રાખવા જેવો છે.

નિરક્ષરતાનિવારણને માટે પણ ગિજુભાઈ કાર્ય કરવાનું ચૂક્યા નથી. દેશની નિરક્ષરતા ટાળવા માટે તેઓ ખૂબ આતુર હતા. અધ્યાપનમંદિર સમયે દરેક વિદ્યાર્થીને એક માસ સુધી

નિરક્ષરતાનિવારણનો વર્ગ ચલાવવાનો તેમણે નિયમ કર્યો હતો. નિરક્ષરો જલદીથી વાંચતાં થાય તે માટે તેમણે 'ચાલો વાંચીએ' નામની ચોપડી લખી હતી, જે દ્વારા હજારો લોકો ત્યારે વાંચતાં થયાં હતાં અને આજે પણ થાય છે.

આ ઉપરાંત જનતામાં બાલશિક્ષણનો પ્રચાર કરવા માટે "બાળકોને મારશો નહિ, બાળકોને લડશો નહિ' એવાં ચોપાનિયાં કાઢીને તેઓ ગુજરાત-સૌરાષ્ટ્રને ગામડે ગામડે વહેંચતા.

આમ ગિજુભાઈએ કરેલ કાર્યો તરફ નજર નાખીએ છીએ તો તેમણે બાળકથી માંડીને જનતા સુધીની કેળવણીને માટે પ્રયત્ન કરેલો જણાય છે. એની સાથે સાથે એમના જીવન-વિકાસનાં પણ વિવિધ દૃશ્યો આપણી આંખ સામે ખડાં થાય છે.

ક્યાં રખડુ ટોળીના કિશોર ગિજુભાઈ અને ક્યાં ભાવનગરમાં મામાને ઘેર રહીને ભણતા વિદ્યાર્થી ગિજુભાઈ! ક્યાં આફ્રિકા કમાવા ઊપડતા ગિજુભાઈ અને ક્યાં વઢવાણમાં વકીલાત કરતા ગિજુભાઈ! ક્યાં દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં બાળકોની વચ્ચે બેઠેલા ગિજુભાઈ અને ક્યાં અધ્યાપન મંદિરમાં શિક્ષકોને તાલીમ આપતા ગિજુભાઈ! ક્યાં માબાપોની સભામાં ભાષણ કરતા ગિજુભાઈ અને ક્યાં અક્ષરજ્ઞાનના વર્ગો

ચલાવતા ગિજુભાઈ ! ક્યાં લેખક ગિજુભાઈ અને ક્યાં 'શિક્ષણપત્રિકા'ના તંત્રી ગિજુભાઈ ! ગિજુભાઈનાં વિવિધ કાર્યોની સાથે તેમના જીવનવિકાસનાં કેવાં વિવિધ દર્શન થાય છે ! ખરેખર, મનુષ્યમાં રહેલ એક બીજ સરખા લઘુ આત્માનો કેવો સુંદર ને ભવ્ય વિકાસ !

[ ૧૪ ]

## બાળકોના ગિજુભાઈ

ગિજુભાઈ તો મોટા મરદમુછાળા હતા પણ બાળકો સાથે તેઓ બાળકરૂપ બની ગયા હતા.

એક આનંદી કાગડાની વાત છે.

એને કૂવામાં નાખ્યો તો તેમાં તે આનંદ કરવા લાગ્યો !

એને વાડમાં નાખ્યો તો તેમાં તે આનંદ કરવા લાગ્યો !

એને ગંદકીમાં નાખ્યો તો તેમાંય તે આનંદ કરવા લાગ્યો !

આ આનંદી કાગડાની વાર્તા ગિજુભાઈ એવા હાવ-ભાવથી કહેતા કે બાળકોય ખુશ ખુશ આનંદી કાગડા જેવાં બની જતાં !

ત્યારે આપણને લાગે કે આનંદી કાગડોય જબરો, એની વાર્તા કહેનાર ગિજુભાઈ પણ જબરા અને વાર્તા સાંભળનાર બાળકોય જબરાં !

નાટક ભજવવામાં તો ગિજુભાઈ કમાલ કરે. મિયાં ફુસ્કીના નાટકમાં તે આબાદ મિયાં બને. પછી વાઘજીભાઈની એવી મજા કરે કે જોનારને હસવું આવે જ આવે. અને છેક છેવટે પોતે કેવા બીકણ છે એ બતાવતાં જ્યારે મિયાં ફુસ્કી તરીકે જાહેર થાય ત્યારે તો નાટકનો આખો ઓરડો ખડખડાટ હાસ્યથી ગાજી ઊઠે !

કોક વખત ગિજુભાઈ બાળકોની સાથે નાચે પણ ખરા. સંગીત જામ્યું હોય, બાળકો રંગમાં હોય, ત્યારે પગે ઘૂઘરા બાંધીને ગિજુભાઈ નાચવા તૈયાર થાય. ગીત ઊપડે :

ચાંદારાણા, ચાંદારાણા,
આકાશેથી આવો જી !

એની સાથે પગલીઓ પડવા માંડે ! દિલરુબા સૂર પુરાવતું હોય, તબલાં તાલ આપતાં હોય, અને મીઠાં મીઠાં મંજીરાં ધીરે ધીરે બજતાં હોય ! પછી નૃત્ય ચગે અને બાળકોનાં શરીર પણ હાલનડોલન કરવા માંડે.

સંગીતસમયે ગિજુભાઈનાં આવાં દર્શન થાય તો બાળકો સાથે ઓરડામાં કામ કરતી વેળા વળી તેમનાં જુદાં દર્શન થાય !

ઓરડામાં જુદાં જુદાં બાળકો જુદાં જુદાં સાધનોથી રમતાં હોય. કોઈ દદ્દાપેટી રમતું હોય. કોઈ મિનારો ગોઠવતું હોય. કોઈ લાંબી સીડી તો કોઈ પહોળી સીડી ગોઠવતું હોય. કોઈ રંગીન તકલીની જોડી ગોઠવતું હોય.

ગિજુભાઈ ફરતા જાય ને આ બધું જોતા જાય. કોઈ બાળક કોઈ સાધન રમતાં મૂંઝાય તો ગિજુભાઈ બોલેચાલે નહિ પણ તેની પાસે બેસીને તે સાધન રમી બતાવે. પેલું બાળક તે જુએ. પછી એને કંઈ કહેવું ન પડે પણ પોતાની મેળે જ સાધન રમતું થઈ જાય ! ગિજુભાઈમાં શીખવવાની એવી કરામત હતી.

આમ બાળક સાથે બાળક જેવા થઈને ગિજુભાઈએ તેમની સાથે એવી તદ્રૂપતા સાધી કે તેઓ બાળકોના બની ગયા અને લોકોએ તેમને 'મુછાળી મા'નું બિરુદ આપ્યું.

કોઈ કવિએ કહ્યું છે તે સાચું જ છે કે 'મા તે મા, બીજા બધા વગડાના વા' બાળકોને વહાલામાં વહાલી મા હોય છે. પણ ગિજુભાઈ તો મા કરતાંય ચડી ગયા; કારણ કે મા જો રાજી હોય તો હુલાવેફુલાવે પણ ખિજાય તો તો પ્રસાદી જ

આપે. જ્યારે ગિજુભાઈ પાસે મારવાની વાત ના મળે પછી લડવાની તો વાત જ ક્યાંથી ?

ગિજુભાઈ બાળકોના કેવી રીતે બન્યા તેની આવી વાત છે.

[ ૧૫ ]

## ગિજુભાઈનું જાહેર સન્માન

ગિજુભાઈએ ગુજરાતને ઘેરેઘેર 'બાલદેવો ભવ.'ની સ્થાપના કરી.

ગિજુભાઈએ ગુજરાતને શહેરેશહેર બાળકોને શિક્ષા થતી અટકાવીને બાળકોનાં સન્માન વધાર્યાં.

એવા ગિજુભાઈને કોણ ન સન્માને ?

જોકે ગુજરાતે તેમનો બાળકેળવણીનો સંદેશ ઝીલીને તેમને સન્માન્યા જ હતા !

તેમના બાળકેળવણીના વિચારોને અપનાવીને પોતાને ત્યાં બાળમંદિરો ખોલીને તેમને પ્રમાણ્યા હતા !

એટલું જ નહિ પણ તેમની સભાઓમાં જઈને, તેમનાં ભાષણો સાંભળી તેમને વખાણ્યા પણ હતા !

ગિજુભાઈએ ખોલેલાં કેટલાંય બાલમંદિરો આજે ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં ચાલી રહ્યાં છે.

એ રીતે ગુજરાતે અને બૃહદ્ ગુજરાતે ગિજુભાઈને ક્યારનાય સન્માન્યા હતા અને તેથી જ લોકદિલના એ સત્કાર અને સન્માનનો પડઘો ગુજરાત સાહિત્ય સભાના દ્વારે પહોંચ્યો અને ગુજરાતના સાહિત્યકારોએ ગિજુભાઈને રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાનું જાહેર કર્યું.

લોકોએ તો એમ જાણ્યું હશે કે એ સત્કાર, સન્માન અને સુવર્ણચંદ્રકના ગિજુભાઈ અધિકારી હતા પણ ખરેખર તો ગિજુભાઈ એકલા જ જાણતા હતા કે એ સત્કાર, સન્માન અને સુવર્ણચંદ્રકના સાચા અધિકારી તેઓ નહિ પણ ગુજરાતનાં લાડીલાં બાળકો જ હતાં!

ગિજુભાઈ કાંઈ સત્કાર, સન્માન કે સુવર્ણચંદ્રકના ભૂખ્યાં નહોતા, પણ એમને તો બાલસત્કાર અને બાલસન્માનનો સંદેશો લોકોને ઘરઘરમાં પહોંચાડવો હતો અને સમાજમાં બાળકો કેવી રીતે હડધૂત થાય છે તેની વાત કરવી હતી.

ગુજરાત સાહિત્ય સભા તરફથી સુવર્ણચંદ્રકની અર્પણવિધિ પ્રસંગે ગિજુભાઈએ આ વાત સરસ રીતે ગુજરાતને કહી અને તેમને મળેલો સુવર્ણચંદ્રક તેમણે પોતે ન રાખતાં

દક્ષિણામૂર્તિ બાલમંદિરના કલામંદિરમાં જ રાખ્યો કે જેથી ભવિષ્યના નાગરિકો તે જુએ અને બાળકોની સ્મૃતિને તાજી રાખે !

ગિજુભાઈનું એ પહેલું જાહેર સન્માન.

ગિજુભાઈનું બીજું જાહેર સન્માન જ્યારે તેઓ વીસ વર્ષની સેવા કરીને દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થયા ત્યારે થયું.

આમ જોવા જઈએ તો ગિજુભાઈએ વીસ વર્ષ સુધી માત્ર દક્ષિણામૂર્તિ સંસ્થામાં જ કામ કર્યું હતું પરંતુ તેમની સેવા દક્ષિણામૂર્તિને જ નહિ પરંતુ સમસ્ત ગુજરાત અને બૃહદ્ ગુજરાતને મળી હતી.

ગુજરાત આ વાત કેમ ભૂલી જાય ?

બાળકો માટે ગિજુભાઈએ ભેખ લીધો હતો તો બાળકોના એ ભેખધારીનું સન્માન કરવું એ ગુજરાતની ફરજ થઈ પડી હતી.

ગુજરાતે એ ફરજ બરાબર અદા કરી. ગિજુભાઈનું સન્માન તેણે શબ્દરૂપે નહિ પણ દસ હજાર રૂપિયાની થેલી આપીને કર્યું.

એ થેલીમાં માત્ર લક્ષ્મીનંદનોએ જ પૈસા આપ્યા હતા એવું નહિ પણ અદના માણસોએય એમાં પૈસા આપ્યા હતા. ખુદ બાળકોએ પણ પોતાના પ્રિય ગિજુભાઈ માટે એમાં પૈસા ભર્યા હતા એ કેટલા હર્ષની બીના હતી !

ગુજરાતના પાટનગર અમદાવાદમાં દરબારશ્રી ગોપાળદાસને પ્રમુખપદે એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો. તેમાં ગિજુભાઈની બાળસેવાને અંજલિ આપવામાં આવી અને દસ હજાર રૂપિયાની થેલી તેમને અર્પણ કરવામાં આવી.

જે સમાજ શિક્ષકને એક પંતૂજી સમાન ગણતો હતો એ જ સમાજ એક પંતૂજીનું જાહેર સન્માન કરી રહ્યો હતો ! ગુજરાતના ઇતિહાસમાં કદાચ પંતૂજીને આવી રીતે સન્માનવાનો આ પહેલો જ પ્રસંગ હશે. ખરી રીતે તો ગિજુભાઈને મળેલ રૂપિયા દસ હજારની થેલી એમની જ ગણાય. પણ ગિજુભાઈએ તો એ દસ હજારની થેલી એક હાથે લીધી અને બીજે હાથે ગુજરાતનાં બાળકોને સુપરત કરી.

આ દસ હજારની થેલીમાંથી આજે બાળકોપયોગી અને સમાજોપયોગી પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે. એ રીતે જે સમાજે ગિજુભાઈને થેલી આપી તેનો લાભ ગિજુભાઈએ તેને જ આપ્યો.

# ગિજુભાઈનું છેલ્લું કાર્ય અને છેલ્લી સહી

દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થયા પછી ગિજુભાઈના બે સ્નેહીઓએ તેમને કહ્યું: "ગિજુભાઈ, તમે દક્ષિણામૂર્તિમાંથી ભલે નિવૃત્ત થાય પણ બાળકોના કાર્યમાંથી નિવૃત્ત ન થશો."

ગિજુભાઈ કહે: "સારુ, પણ તમે મારી પાસે શું કામ કરાવવા માગો છો એ તો કહો."

બંને કહે: "તમે બાલ અધ્યાપન મંદિરનું જ કાર્ય ચાલુ રાખ્યું છે તે ચાલુ રાખો."

ગિજુભાઈ કહે: "પણ તે માટે સ્થળ અને નાણાં બંને જોઈએ, જેમાંનું મારી પાસે કંઈ નથી."

બંને કહે: "એ માટે તમે ફિકર કરશો નહિ. સ્થળ પણ અમે મેળવી આપીશું અને નાણાં પણ અમે મેળવી આપીશું. તમેતમારે દક્ષિણામૂર્તિમાં બેસીને જેવી રીતે કામ કરો છો એવી રીતે ત્યાં બેસીને કામ કરજો એટલું જ."

ગિજુભાઈ બોલ્યા: "ભલે."

આ બંને સ્નેહીઓ, તેમાંના એક તે સૌરાષ્ટ્રના નામીચા ધારાશાસ્ત્રી શ્રી. પોપટલાલ ચૂડગર અને બીજા શ્રી. તલકશી દોશી. બંને ગિજુભાઈના પરમ સ્નેહીઓ અને તેમના કાર્ય પ્રત્યે અપાર મમતા રાખવાવાળા.

એ બંને સ્નેહીઓએ રાજકોટમાં બાલ અધ્યાપન મંદિર ચલાવવાનું નક્કી કર્યું અને તેના ખર્ચ માટે રૂપિયા દસ હજાર જુદા કાઢ્યા.

આ રીતે બંને સ્નેહીઓના આગ્રહથી ગિજુભાઈએ દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થયા બાદ રાજકોટ આવીને બાલ અધ્યાપન મંદિર શરૂ કર્યું. લગભગ સો ઉપરાંત ભાઈબહેનો સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાંથી તેમાં ભણવા આવ્યાં.

બાલ અધ્યાપન મંદિરનું કામકાજ ધમધોકાર ચાલવા માંડયું, પણ વિધિએ કંઈ જુદું જ નિર્માણ કર્યું હશે. ગિજુભાઈ દમના વ્યાધિથી પીડાતા હતા. તેમની તબિયતે ઊથલો ખાધો. તેઓ કામ કરવાને લાચાર બની ગયા!

ગિજુભાઈ પથારીવશ બન્યા પણ તેઓ હિંમત હાર્યા નહિ. દાક્તરોએ તેમને કાર્ય કરવાની મના કરી એટલે થોડા સમય માટે અધ્યાપન મંદિરનું કાર્ય બીજી રીતે સ્વયં ચાલે એવી એમણે વ્યવસ્થા કરી પણ કામ અટકવા દીધું નહિ.

છેવટે બાલ અધ્યાપન મંદિરનું કાર્ય પૂરું થયું. પરીક્ષાઓ પણ લેવાઈ ગઈ અને પાસ-નાપાસનું પરિણામ જાહેર થઈને વિદ્યાર્થીઓનાં પ્રમાણપત્રો તૈયાર થવા માંડ્યાં.

પ્રમાણપત્રો ઉપર હવે માત્ર ગિજુભાઈની સહી થવાની બાકી હતી. પણ દાક્તરોએ એટલો શ્રમ લેવાની પણ ગિજુભાઈને ના પાડી.

આ ચોપડીના લેખક ત્યારે ગિજુભાઈના મંત્રી તરીકે કામ કરતા હતા. એક રાતે ગિજુભાઈ એ તેમને બોલાવી કહ્યું : "ભાવસાર, મારી સહી વિનાનાં પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને અપાય એ તો સારું નહિં. દાક્તરોએ ભલે મને શ્રમ કરવાની ના પાડી પણ તમે દસ દસ પ્રમાણપત્રો મારી પથારી હેઠળ મૂકી જાઓ. હું તેમાં સહી કરી રાખીશ. પછી બીજાં મૂકી જજો. એ રીતે બધાં પ્રમાણપત્રો ઉપર મારી સહી લઈ લો."

ગિજુભાઈની આજ્ઞાનુસાર દસ દસ પ્રમાણપત્રો હું તેમની પથારી હેઠળ મૂકતો ગયો અને સહીવાળાં પ્રમાણપત્રો પાછાં લાવતો ગયો. એ રીતે બધાંય પ્રમાણપત્રો ઉપર જ્યારે એમની સહીઓ થઈ ગઈ ત્યારે એમના મુખ ઉપર સંતોષનું જે મરક મરક હાસ્ય પ્રકટયું તે હજીય મને યાદ છે.

પ્રમાણપત્રો લઈને રાજકોટથી વિદ્યાર્થીઓ વિદાય થયા. ગિજુભાઈને પણ દાક્તરી સલાહ મુજબ રાજકોટથી વિમાન-માર્ગે મુંબાઈથી પંચગની ખસેડવામાં આવ્યાં. પણ પંચગનીમાં કંઈ ફેર ન પડ્યો એટલે પાછા મુંબાઈ લાવવામાં આવ્યા અને ત્યાં જ એમનું અવસાન થયું.

આમ રાજકોટનું બાલ અધ્યાપન મંદિર એ ગિજુભાઈનું છેલ્લું કાર્ય અને પ્રમાણપત્રોમાં કરી આપેલી સહી એ એમની છેલ્લી સહી !

# અમર રહો ગિજુભાઈ !

ગિજુભાઈના જીવન તરફ નજર નાખીએ છીએ તો બાળકોના કાર્યથી તેમનું જીવન ભર્યું ભર્યું લાગે છે.

ગિજુભાઈએ બાળકો માટે વિચારો કર્યા, બાળકો માટે લેખો લખ્યા, બાળકોને શિક્ષણ આપ્યું અને બાળકલ્યાણનાં જ કાર્યો કર્યાં. ગિજુભાઈએ એવી એકોપાસના કરી. જાણે તેઓ બાળકો માટે જ જીવ્યા અને બાળકો માટે જ મર્યા. અને એમ કરીને તેઓ બાળકોના ખરેખરા બેલી બન્યા. એવા ગિજુભાઈના અવસાનથી કોને દુઃખ ન થાય?

ગિજુભાઈના અવસાનથી બાળકોએ પોતાનો મિત્ર ખોયો. શિક્ષકોએ સ્વજન ખોયો. ગુજરાતે એક શિક્ષણકાર ખોયો. દેશે એક સાચો સપૂત ખોયો.

પણ જેઓ કાર્ય કરીને મરી જાય છે તેઓ કદી મરી જતા નથી. હા, શરીરથી તેઓ મૃત્યુ પામે છે પણ કાર્યથી તેઓ અમર રહે છે. ગિજુભાઈ એ રીતે અમર જ છે.

આજે પણ તેઓ બાલમંદિરો દ્વારા બાળકોના આત્મામાં રમણ કરી રહ્યા છે. બાલસાહિત્યની ચોપડીઓ દ્વારા બાળકોને તેઓ પ્રેરણા પાઈ રહ્યા છે. શિક્ષણની ચોપડીઓ દ્વારા શિક્ષકો

અને માબાપોમાં તેઓ બાલકલ્યાણની ભાવના ભરી રહ્યા છે. બાળકેળવણીનાં સૂત્રોરૂપી નાનાં નાનાં ચોપાનિયાં દ્વારા જનતામાં તેઓ બાલયુગનો મહિમા ગાઈ રહ્યા છે.

જેમણે બાળકો માટે આવું સુંદર કાર્ય કર્યું છે તેઓ ભુલાઈ જશે એમ કેમ મનાય ?

કુસુમકુમળાં બાળકોને ઘરમાં હસતાંરમતાં જોઈને ગિજુભાઈ યાદ આવી જ જવાના !

બાલમંદિરમાં પંખીઓની જેમ કલરવ કરતાં બાળકોને જોઈને ગિજુભાઈ યાદ આવી જ જવાના !

શિક્ષકો અને માબાપોને બાળકો પ્રત્યે પ્રેમ કરતાં જોઈને ગિજુભાઈ યાદ આવી જ જવાના !

ગિજુભાઈનું કાર્ય એવું અજરામર છે.

અમર રહો, બાળકોના ગિજુભાઈ અને અમર રહો તેમનું કાર્ય !

☆

## તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં

# અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ગીતનિર્ઝર | વ્યાસ, શાહ, પંડ્યા | ૨-૦૦ |
| શિક્ષણ સોપાન–ભા. ૨ | બકુલચંદ્ર શાહ, મધુરીબહેન | ૩-૦૦ |
| આશા અને ધીરજ | ગોપાળદાસ જી. પટેલ | ૪-૫૦ |
| શ્રમનો પ્રસાદ | બબલભાઈ મહેતા | ૧-૫૦ |
| અમારું થામણા | આદિત્યભાઈ પટેલ | ૧-૦૦ |
| અમૃત કથાવલી ભા. ૧૧ થી ૧૫ | રમણલાલ સોની | ૨-૫૦ |
| બાળકોના શ્રીમદ્ વલ્લભાચાર્ય | બાલકૃષ્ણ વ્યાસ | ૦-૩૦ |
| ચાર ભાગેડુ | યદુનાથ થત્તે | ૦-૭૫ |
| અરવલ્લીની ગોદમાં | વાડીલાલ ઠક્કર | ૧-૦૦ |
| જાદવાસ્થળી | હસિત બૂચ | ૦-૫૦ |
| પદયાત્રાની પ્રસાદી | રવિશંકર મહારાજ | ૧-૦૦ |
| મોતીની માયા | ગોપાળદાસ પટેલ | છપાય છે |
| મારું બચપણ ( ટાગોર ) | રમણલાલ સોની | ૧-૭૫ |
| લે મિઝેરાબ્લ | ગોપાળદાસ પટેલ | છપાય છે |
| ગાંધીજીનો જીવનસંદેશ | ઢેબરભાઈ | ૧-૦૦ |
| ધર્મક્રાંતિ | કાકાસાહેબ કાલેલકર | ૧-૦૦ |
| વાગીશ્વરીનાં કર્ણફૂલો | મનુભાઈ પંચોળી (દર્શક) | ૪-૫૦ |
| શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ | મૂળશંકર ભટ્ટ | ૪-૫૦ |
| બાલવાડી ( નઈ તાલીમ સંઘ ) | જુગતરામ દવે | ૭-૫૦ |
| રેડિયોની દુનિયા | પ્રશાંત | ૦-૭૫ |
| રાજર્ષિ ( રવીન્દ્રનાથ ટાગોર ) | રમણલાલ સોની | ૪-૦૦ |
| અલી વાદળી ( બાલગીતો ) | મહીપતરામ જોશી | ૦-૫૦ |
| મનોવિજ્ઞાનનો સેટ ભા. ૧ (પુ–૧૨) | | ૨-૦૦ |
| ,, ,, ભા. ૨ ,, | | ૨-૦૦ |
| શાંતિનિકેતન ૧-૨-૩ ( ટાગોર ) | નગીનદાસ પારેખ | છપાય છે. |
| હિતોપદેશની બાલવાતો ભા. ૧થી૫ | રમણલાલ સોની | ૨-૫૦ |

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

**બાલગોવિંદ કુબેરદાસની કંપની**

ફર્નાન્ડિઝ પુલ પાસે તથા મોડલ સિનેમા પાસે,
ગાંધીમાર્ગ, અમદાવાદ

# જીવનચરિત્રો

**લોકરામાયણ સેટ** **નાનાભાઈ ભટ્ટ** ૭ પુસ્તકો ૪–૭૫

| | |
|---|---|
| કૈકેયી–મંદોદરી | રાવણ |
| ભરત–લક્ષ્મણ | સીતા |
| હનુમાન–વિભીષણ | રામ |

**બબલભાઈ મહેતા** **ટાગોર (અનુ. રમણલાલ સોની)**

રવિશંકર મહારાજ ૧–૫૦ મારું બચપણ ૧–૭૫

**લોકભારત સેટ** **નાનાભાઈ ભટ્ટ** બાર પુસ્તકો ૫–૦૦

| | | |
|---|---|---|
| દ્રૌપદી | વૃકોદર ભીમ | ગુરુ ને ગુરુપુત્ર |
| અંગરાજ | અંધ ધૃતરાષ્ટ્ર | બે માતાઓ |
| ધર્મરાજ | ગાંડીવધારી | વાસુદેવ |
| ગાંધારીપુત્ર | પિતામહ | બાણશય્યા પરથી |

**સોમાભાઈ ભાવસાર** **મનુભાઈ પંચોળી–મૂળશંકર મો. ભટ્ટ**

ગામડાના યાત્રી–બબલભાઈ ૨–૦૦ નાનાભાઈ ( રેખાચિત્ર ) ૧–૦૦

**પુરાતન બૂચ**

આપણા જવાહર ૧–૦૦ આપણા સરદાર ૧–૦૦

**મનુભાઈ પંડિત**

બાપુ આવા હતા ૦–૫૦ આપણા સંતબાલજી ૧–૦૦

ટાગોર આવા હતા ૧–૨૫ જીવંત રેખાચિત્રો ૨–૦૦


# બાલગોવિંદ કુબેરદાસની કંપની

ગાંધીમાર્ગ, પુલ ઉપર તથા મોડેલ સિનેમાની બાજુમાં, **અમદાવાદ–૧**

પૂંઠું • દીપક પ્રિન્ટરી • અમદાવાદ